CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883



Page 13

સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
Digital Editions

2002-2026 25 વર્ષ
લગાતાર પ્રજાનો વિશ્વાસ

Year : 04, Issue : 56, Dt. 03-07-2026 (FRIDAY) Rs. 02/- Page : 28, RNI No. GUJGUJ/2023/84789

## ધમાકેદાર એન્ટ્રી : ગુજરાતમાં સિઝનનો 8.46% વરસાદ; 30%ની ઘટ

# વાદળોએ અંતે મૌન તોડ્યું!

| ડાંગના વઘઈમાં | ચીખલીમાં | વલસાડમાં | ડાંગમાં |
|---|---|---|---|
| 12 ઈંચ | 9 ઈંચ | 8 ઈંચ | 6 ઈંચ |



## મધ્યગુજરાતમાં 1 થી 12 ઈંચ વરસાદ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

**સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ગાંધીનગર દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર આંકડા મુજબ આજે ગુજરાત રાજ્યમાં સવારથી જ મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે.**

રાજ્યમાં સૌથી ગંભીર સ્થિતિ ડાંગ જિલ્લાના વઘઈ તાલુકામાં જોવા મળી છે, જ્યાં માત્ર ૮ કલાકમાં ૧૨.૪૮ ઈંચ વરસાદ ખાબકતા સર્વત્ર જળબંબોળની સ્થિતિ સર્જાઈ છે. વઘઈમાં સવારે ૧૦ થી ૧૨ વાગ્યાના બે કલાકમાં જ ૫.૬૩ ઈંચ (૧૪૩ મીમી) વરસાદ તૂટી પડ્યો હતો. સુરતના અંબિકા તાલુકામાં પણ ૧૦.૩૧ ઈંચ વરસાદ પડ્યો છે, જેમાં સવારે ૧૦ થી ૧૨ ના ગાળામાં ૪.૬૫ ઈંચ (૧૧૮ મીમી) વરસાદ નોંધાયો હતો. નવસારીના ચીખલીમાં સવારે ૮ થી ૧૦ વાગ્યાના માત્ર બે જ કલાકમાં ૭.૮૭ ઈંચ (૨૦૦ મીમી) વરસાદ ખાબકતા સ્થાનિક નદી-નાળાઓ છલકાઈ ગયા હતા.

ડાંગ જિલ્લામાં વઘઈમાં ૧૨.૪૮ ઈંચ, આહવા (ધ ડાંગ્સ)માં ૭.૨ ઈંચ અને સુબીરમાં ૬.૧૪ ઈંચ વરસાદ પડ્યો છે. સુરત જિલ્લામાં અંબિકામાં ૧૦.૩૧ ઈંચ, મહુવામાં ૪.૩૩ ઈંચ, બારડોલીમાં ૩.૩૫ ઈંચ, પલસાણામાં ૧.૩૮ ઈંચ, માંડવીમાં ૦.૮૭ ઈંચ, માંગરોળમાં ૦.૭૧ ઈંચ, ચોર્યાસીમાં ૦.૭૧ ઈંચ, કામરેજમાં ૦.૫૧ ઈંચ, અરેથમાં ૦.૩૫ ઈંચ અને સુરત સિટીમાં ૦.૦૮ ઈંચ વરસાદ નોંધાયો છે.,તાપી જિલ્લામાં ડોલવણમાં ૯.૬૫ ઈંચ, વાલોડમાં ૭.૨૮ ઈંચ, વ્યારામાં ૨.૯૯ ઈંચ, સોનગઢમાં ૦.૭૫ ઈંચ, ઉકાઈમાં ૦.૪૭ ઈંચ અને કુકરમુંડામાં ૦.૨૮ ઈંચ વરસાદ પડ્યો છે.

નવસારી જિલ્લામાં વાંસદામાં ૮.૯૪ ઈંચ, ચીખલીમાં ૮.૬૨ ઈંચ, ગણદેવીમાં ૭.૧૩ ઈંચ, ખેરગામમાં ૫.૬૩ ઈંચ, નવસારી તાલુકામાં ૧.૩૪ ઈંચ અને જલાલપોરમાં ૧.૩ ઈંચ વરસાદ નોંધાયો છે. વલસાડ જિલ્લામાં વલસાડ તાલુકામાં ૭.૬ ઈંચ, નાનાપોંઢામાં ૩.૮ ઈંચ, કપરાડામાં ૩.૭૪ ઈંચ, ધરમપુરમાં ૩.૩૫ ઈંચ, પારડીમાં ૩.૩૫ ઈંચ, વાપીમાં ૨.૬૮ ઈંચ અને ઉમરગામમાં ૧.૫ ઈંચ વરસાદ ઝીંકાયો છે.

## ભારે વરસાદથી રાજ્યમાં 48 રાજમાર્ગો બંધ

ગુજરાતમાં ચોમાસાના આગમન સાથે જ મેઘરાજાએ પોતાનું રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં છેલ્લા ૨૪ કલાકથી સતત વરસી રહેલા ભારે વરસાદને કારણે જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. ભારે વરસાદ અને પૂર જેવી સ્થિતિને પગલે રાજ્યના કુલ ૪૮ માર્ગો પર વાહનવ્યવહાર ઠપ્પ થઈ ગયો છે. ભારે વરસાદને કારણે ક્યાંક પાણી ભરાયા છે તો ક્યાંક રસ્તાઓ ધોવાઈ ગયા છે, જેના કારણે અનેક વિસ્તારોનો સંપર્ક કપાઈ ગયો છે. નેશનલ હાઈવે (જામનગર) અને ૪ સ્ટેટ હાઈવે સહિત કુલ ૧૨ હાઈવે બંધ છે, જ્યારે પંચાયત હસ્તકના ૩૬ માર્ગો બંધ થતાં ગ્રામીણ જનજીવનને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. વલસાડમાં ભારે વરસાદના કારણે ૧૪ માર્ગ બંધ થયા છે, તેવી જ રીતે નવસારીમાં ૧૦ માર્ગ બંધ, જૂનાગઢમાં ૮ માર્ગ બંધ. સુરત, જામનગર, અમરેલીમાં દરેક જિલ્લામાં ૧-૧ રસ્તો બંધ થયા છે. આ સિવાય ૭ અન્ય માર્ગો પણ બંધ કરવામાં આવ્યા છે.



### રાજ્યમાં 225 વીજ ફીડર ઠપ્પ


## 2 ડેમ હાઈ એલર્ટ પર, 10 ડેમોમાં નવા નીરના શ્રીગણેશ

રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલા વરસાદના કારણે જળાશયોમાં પાણીની આવક સતત વધી રહી છે. વરસાદી માહોલને પગલે રાજ્યના બે મહત્વના ડેમ માટે હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જ્યારે અનેક ડેમોમાં પાણીનો સંગ્રહ ઝડપથી વધી રહ્યો છે. બીજી તરફ ભારે પવન અને વરસાદના કારણે વીજ માળખાને પણ નોંધપાત્ર નુકસાન પહોંચ્યું છે, જેના કારણે અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાયો છે. રાજ્યના ૭ ડેમમાં પાણીનો જથ્થો ૭૦ ટકાથી વધુ જળસંપત્તિ વિભાગ દ્વારા જાહેર કરાયેલા તાજા આંકડા મુજબ સુરેન્દ્રનગર જિલ્લાના ધોળીધજા ડેમ અને મહીસાગર જિલ્લાના વણાકબોરી ડેમ માટે હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત રાજ્યના કુલ ૭ ડેમમાં પાણીનો જથ્થો ૭૦ ટકાથી વધુ થઈ જતાં સંબંધિત વિસ્તારોમાં ચેતવણી જાહેર કરવામાં આવી છે. જરૂરિયાત મુજબ નીચાણવાળા વિસ્તારો માટે પણ સૂચનાઓ આપવામાં આવી રહી છે. એકપણ ડેમ સંપૂર્ણપણે નથી ભરાયો હાલ રાજ્યના ૨૦૬ ડેમોમાં ૨,૦૦,૮૪૬ એમસીએફટી પાણીનો સંગ્રહ નોંધાયો છે, જે રાજ્યની કુલ જળસંગ્રહ ક્ષમતાના ૩૬ ટકા જેટલો છે. હજુ સુધી રાજ્યનો એકપણ ડેમ સંપૂર્ણપણે ભરાયો નથી, પરંતુ વરસાદની વર્તમાન સ્થિતિ જોતા આગામી દિવસોમાં અનેક ડેમોમાં પાણીનું સ્તર વધુ વધવાની શક્યતા છે.

## રાજકોટમાં પાણી કૌભાંડમાં RMC તંત્ર જ પાણી ચોરીમાં સંડોવાયું ?

# વાલ્વમેનને 5 હજારથી 35 હજાર સુધીના હાઈરાઈઝ બિલ્ડીંગો હપ્તા ચૂકવે છે ?

### પ્રજાને 20 મિનિટ પાણી, સાધુ–વાસવાણી રોડ ઉપર હાઈરાઈઝ બિલ્ડિંગોમાં બે કલાક વાલ્વ ચાલુ રાખવાના 5 હજાર 12 કલાકના 35 હજારનો મહિને હપ્તો!




### મહાપાલિકાની હદ પાર; ગરીબોની તરસ છીનવી અમીરોને પૈસાથી 24 કલાક પાણીની રેલમછેલ

## વોટર માફિયાનું વાલ્વમેનથી અધિકારીઓ સુધી સેટિંગ ?

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાનું ભ્રષ્ટ તંત્ર ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવ્યું છે. શહેરમાં પાણી ચોરી રોકવા માટે ઝુંબેશ શરૂ કરવામાં આવી હોવા છતાં, સવાલ એ ઊભો થાય છે કે પાણી ચોરી કરનારાઓ સામે કાર્યવાહી પૂરતી છે કે પછી પાણી ચોરી કરાવનારા મોટા માથાઓ સુધી હાથ પહોંચશે?

ભાજપે સત્તા સંભાળ્યા બાદ જાગૃત મેયર નેહલભાઈ શુક્લ અને તેમની ટીમ દ્વારા ભ્રષ્ટાચાર સામે કડક વલણ અપનાવવામાં આવી રહ્યું છે. જવાબદારી નક્કી કરીને અધિકારીઓને સસ્પેન્ડ કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે. છેલ્લા ૧૫ દિવસથી પાણી ચોરી કરનારાઓ સામે દંડાત્મક કાર્યવાહી માટે અધિકારીઓને સત્તા આપવામાં આવી છે, છતાં તંત્રની અંદર જ ભ્રષ્ટાચારના સળિયા ઘૂસી ગયા હોવાના આક્ષેપો ઉઠી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ, શહેરના પોશ વિસ્તારોમાં આવેલ હાઈરાઈઝ બિલ્ડિંગોમાં પાણીની અછત ન સર્જાય તે માટે વાલ્વમેનને રૂ. ૫,૦૦૦ થી લઈ રૂ. ૩૫,૦૦૦ સુધીના હપ્તા ચૂકવવામાં આવે છે. આ ગેરકાયદે વ્યવહાર માત્ર નીચલા સ્તર સુધી સીમિત નથી, પરંતુ આ રકમ ઉપરના અધિકારીઓ સુધી પહોંચતી હોવાના ગંભીર આક્ષેપો પણ સામે આવ્યા છે.

ખાસ કરીને સાધુ વાસવાણી રોડ સહિતના વિસ્તારોમાં પાણી ચોરીનો ગોરખધંધો ખુલ્લેઆમ ચાલી રહ્યો છે. એક બાજુ ગરીબ વિસ્તારોમાં લોકોને પીવાનું પાણી પણ પૂરતું મળતું નથી, જ્યારે બીજી બાજુ શ્રીમંત વિસ્તારોમાં ગેરરીતે પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. કહેવત મુજબ “ગરીબના ઘરમાં તેલનો ટીપો નહીં અને શ્રીમંતોની કબર પર ઘીના દીવા” જેવી સ્થિતિ સર્જાઈ છે.

આ સમગ્ર મામલે સૌથી મોટો સવાલ એ છે કે તંત્ર પોતે જ ભ્રષ્ટાચારમાં સંડોવાયેલું હોય તો તપાસ સમિતિઓ શું કામની? માત્ર દેખાવ માટેની કાર્યવાહીથી કંઈ બદલાવ આવવાનો નથી. સ્થાનિકોમાંથી માંગ ઉઠી રહી છે કે માત્ર નાની માછલીઓને નહીં, પરંતુ પાણી ચોરી કરાવનારા મોટા માથાઓ સામે કડક કાર્યવાહી થવી જોઈએ. વિજિલન્સ તપાસની જગ્યાએ જો હાઈરાઈઝ બિલ્ડિંગોમાં અચાનક જનતા રેડ કરવામાં આવે તો વોટર વર્ક શાખાનો ભ્રષ્ટાચાર બહાર આવી શકે છે.

જો સમયસર કડક અને પારદર્શક પગલાં લેવામાં નહીં આવે, તો રાજકોટ મહાનગરપાલિકાનું આ ભ્રષ્ટ તંત્ર જંગલેશ્વરની કાજુ કતરી કરતા પણ વધારે “મીઠું” બની જશે જ્યાં બધાને ફાયદો, પણ સામાન્ય નાગરિકને ન્યાય નહીં.

## એક તો સત્તા વગર બેફામ ઉઘરાણા કરવામાં જ વ્યસ્ત હોય છે ?

# TRB કે ત્રાસ બ્રિગેડ?

- રાજકોટના વાહન ચાલકો આતંકી કેમ હોય તેવો TRBનો વ્યવહાર હોય છે
- ઉચ્ચ અધિકારીઓએ TRB જવાનોને યોગ્ય તાલિમ આપવાની જરૂર છે
- TRB જવાનોના વર્તન પર નિયંત્રણ લાવવું અને જવાબદારી નક્કી કરવી જરૂરી બની છે





## ઈન્દીરા સર્કલની ઘટના બાદ પ્રજામાં રોષ : આ લોકોનું દરરોજનું થયું છે

- કાયદો હાથમાં લઈને એક કાર ચાલક પર સરેઆમ હિંસક હુમલો
- મહિલા પોલીસ કર્મી મૂકપ્રેક્ષક બનીને આખો તમાશો જોતી રહી
- શું ટ્રાફિક બ્રિગેડના જવાનોને નાગરિકો પર હાથ ઉપાડવાનું લાયસન્સ મળી ગયું છે?



**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં કાયદા વ્યવસ્થાનો પ્રશ્ન ફરી એકવાર ચર્ચામાં આવ્યો છે, જ્યારે ઈન્દિરા સર્કલ પર બનેલી એક ઘટનાએ ટ્રાફિક બ્રિગેડ (TRB) જવાનોના વર્તન પર ગંભીર સવાલો ઊભા કર્યા છે. ઘટનામાં એક TRB જવાને સરેઆમ કાર ચાલક સાથે ગુંડાગીરી કરતા લમધારી નાખ્યો હોવાનો આરોપ છે, જ્યારે ત્યાં હાજર મહિલા પોલીસ કર્મચારી મૂકપ્રેક્ષક બની આ સમગ્ર બનાવ નિહાળતી રહી.

આ ઘટનાનો વિડિયો અને માહિતી સામે આવતા શહેરમાં લોકોમાં ભારે રોષ ફેલાયો છે. નાગરિકોનું કહેવું છે કે રાજકોટમાં લગભગ દરેક ટ્રાફિક પોઈન્ટ પર પોલીસ કરતાં TRB જવાનોનો ત્રાસ ચાર ગણો વધી ગયો છે. વાહનચાલકો સાથે સહાનુભૂતિપૂર્વક વાત કરવાની જગ્યાએ, કેટલાક TRB જવાનો આતંકી જેવી ભાષા અને વર્તન અપનાવી રહ્યા છે, જે નાગરિકોને અસ્વીકાર્ય છે.

સ્થાનિકોમાંથી ઘણા લોકોએ જણાવ્યું કે આ માત્ર એક દિવસની ઘટના નથી, પરંતુ રોજિંદી સમસ્યા બની ગઈ છે. TRB જવાનો પાસે સ્પષ્ટ સત્તા કે તાલીમનો અભાવ હોવા છતાં તેઓ રસ્તા પર રોફ જમાવી રહ્યા છે, જેનાથી કાયદાની છબી ખરાબ થાય છે.

આ ઘટનાને પગલે લોકો ઉચ્ચ પોલીસ અધિકારીઓ પાસે કડક કાર્યવાહી કરવાની માંગ કરી રહ્યા છે. ખાસ કરીને, TRB જવાનોને યોગ્ય તાલીમ આપવી, તેમના વર્તન પર નિયંત્રણ લાવવું અને જવાબદારી નક્કી કરવી જરૂરી બની છે.

જો સમયસર પગલાં નહીં લેવાય, તો આવી ઘટનાઓ શહેરમાં કાયદા અને વ્યવસ્થાની સ્થિતિ પર ગંભીર અસર કરી શકે છે. રાજકોટ પોલીસ માટે હવે આ એક ચેતવણી સમાન છે કે તેઓ તાત્કાલિક પગલાં લઈને નાગરિકોમાં વિશ્વાસ પુનસ્થાપિત કરે.

### TRBને મારપીટ કરવાનો અધિકાર છે?

ટ્રાફિક રેગ્યુલેટરી બ્રિગેડ પોલીસ વિભાગને ટ્રાફિક વ્યવસ્થા જાળવવામાં સહાય કરવા માટે બનાવવામાં આવેલી સહાયક વ્યવસ્થા છે. TRB જવાનોનું મુખ્ય કામ ટ્રાફિક નિયંત્રણ, વાહન વ્યવહાર સુવ્યવસ્થિત રાખવો અને પોલીસને સહયોગ આપવાનો હોય છે. તેમને પોલીસ જેવી ધરપકડ કરવાની કે નાગરિકો પર બળપ્રયોગ કરવાની સત્તા હોતી નથી. કોઈ વિવાદ સર્જાય તો તેઓએ ટ્રાફિક પોલીસ અથવા ઉચ્ચ અધિકારીઓને જાણ કરવી જરૂરી હોય છે.

### વાયરલ વીડિયો બાદ ઉઠ્યા સવાલો

ઈન્દિરા સર્કલ પર TRB જવાન દ્વારા કારચાલક સાથે થયેલી મારામારીનો વીડિયો વાયરલ થતાં અનેક સવાલો ઊભા થયા છે. ઘટનાસ્થળે હાજર મહિલા ટ્રાફિક પોલીસ કર્મચારી દ્વારા વચ્ચે પડી મામલો શાંત કરવાના બદલે મૂકપ્રેક્ષક રહેવાના આક્ષેપો થયા છે. હવે સમગ્ર મામલે જવાબદાર TRB જવાન અને ફરજમાં બેદરકારી દાખવનાર કર્મચારીઓ સામે શું કાર્યવાહી થાય છે તેના પર સૌની નજર મંડાઈ છે.

### વરસાદમાં જેતપરમાં વોટરપ્રુફ ડોમ ઉભો કરી આંદોલન ચાલુ રહેશેનું એલાન

# સરકારને અલ્ટીમેટ

# ખેડૂત હિતનો નિર્ણય નહીં તો મહાપંચાયતનું એલાન!

### ગુજરાત બહારના રાજ્યમાંથી ખેડૂતો ઉમટી પડશે : તૈયારીઓ શર કરી દેવાઈ છે : વૈભવ અમૃતિયા




**સિટી ન્યૂઝ@રાજકોટ**

મોરબીના જેતપર ગામે ચાલતા ખેડુત આંદોલનનો આજે ૧૬ મો દિવસ છે અને તેમ છતાં પણ સરકાર દ્વારા કોઈપણ પ્રકારનો નિર્ણય ખેડૂતોની માંગણીઓ અમે જાહેર કરવામાં આવ્યો નથી ત્યારે હવે આગામી દિવસોમાં ખેડૂતો દ્વારા મહા પંચાયત માટેનું આયોજન કરવામાં આવ્યું છે અને તેમાં ન માત્ર ગુજરાત પરંતુ અન્ય રાજ્યમાંથી પણ ખેડૂતો ઉમટી પડે તેવી શક્યતાઓ દેખાઈ રહી છે. મોરબીના જેતપર ગામે ખેડૂતો દ્વારા ખાનગી વીજ કંપની પાસેથી પૂરતું વળતર મેળવવાની માંગ સાથે આમરણાંત ઉપવાસ આંદોલન શરૂ કરવામાં આવ્યું છે અને આ આમરણાંત ઉપવાસ આંદોલનને ૧૬ દિવસ છે ત્યારે મોરબી જિલ્લા ઉપરાંત રાજ્યના અન્ય જિલ્લાઓમાંથી પણ ખેડૂત આંદોલનને સમર્થન મળી રહ્યું છે અને રોજ હજારોની સંખ્યામાં ખેડૂતો, મહિલાઓ સહિતના લોકો ઉપવાસી છાવણીની મુલાકાતે આવતા હોય છે અગાઉ જે જગ્યા ઉપર ઉપવાસી છાવણી હતી તે જ જગ્યા ઉપર હવે ચોમાસુ અને વરસાદને ધ્યાનમાં રાખીને વોટરપ્રૂફ ડોમ ઉભો કરવામાં આવ્યો છે અને વરસાદ આવે તો પણ આંદોલન ચાલુ રહે તે પ્રકારની લડી લેવા માટેની વ્યવસ્થા આંદોલનકારીઓ દ્વારા કરી લેવામાં આવી છે.


આજે માળિયા તાલુકાના છ ગામના ખેડૂતો બાઈક રેલી સાથે સવારે ઉપવાસી છાવણી ખાતે પહોંચ્યા હતા તેવી જ રીતે માળિયાના સરવડ ગામેથી ખેડૂતો ટ્રેક્ટર સાથે ઉપવાસી છાવણી ખાતે પહોંચ્યા હતા અને જેતપર ગામે ચાલતા ખેડૂત આંદોલનને સમર્થન આપ્યું હતું ખાસ કરીને જે રીતે ખેડૂતો ઉપર અગાઉ પોલીસ દ્વારા દમન કરવામાં આવ્યું અને હાલમાં ખેડૂતો ૧૬ દિવસથી આંદોલન ચલાવી રહ્યા છે તેમ છતાં પણ સરકાર દ્વારા ખેડૂતોની જે ૬ માંગણી છે તે મુદ્દે શું કરવા ઈચ્છે છે તેની કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી, સરકારે વળતર માટેની કોઈ નવી નીતિ જાહેર કરી નથી જેથી દિવસેને દિવસે ખેડૂતોમાં રોષ વધી રહ્યો છે.

આવતીકાલે હરિયાણાથી ખેડૂત આગેવાન ગુરુનામસિંહ ચઢુની જેતપર ગામે ઉપવાસી છાવણી ખાતે આવવાના છે અને હવે જો સરકાર દ્વારા નજીકના દિવસોમાં આ ખેડૂત આંદોલનને લઈને ખેડૂતોની વીજપોલના વળતર માટેની જે માંગણીઓ છે તેના માટે યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો આગામી સમયમાં ગુજરાતમાં ખેડૂત મહા પંચાયત બોલાવવા માટેનું આયોજન કરવામાં આવી રહ્યું છે અને તેના માટેની તૈયારીઓ પણ કરવામાં આવી રહી છે અને આ ખેડૂત મહા પંચાયતમાં ન માત્ર ગુજરાતના જિલ્લાઓમાંથી પરંતુ ગુજરાત બહારના રાજ્યોમાંથી પણ ખેડૂતો ઉમટી પડે તેવી શક્યતાઓને નકારી શકાતી નથી.

## મોરબીના જેતપરમાં કાલે રાષ્ટ્રીય કિસાન અધ્યક્ષની મહાસભા

### ભારતીય કિસાન યુનિયનમાં રાષ્ટ્રીય ગુરનામસિંહ ચદ્દનની ગુજરાતમાં એન્ટ્રીથી રાજકીય હલચલ તેજ


મોરબીના જેતપુર મુકામે વીજ લાઈન પસાર કરવાના વિરોધમાં સ્થાનિક ખેડૂતો દ્વારા ચલાવવામાં આવી રહેલા અન્ન ત્યાગ આંદોલનને હવે રાષ્ટ્રીય સ્તરેથી મોટું સમર્થન મળવા જઈ રહ્યું છે. ખેડૂતોની આ ન્યાયિક લડતને વધુ ઉગ્ર અને વેગવંતી બનાવવા માટે ભારતીય કિસાન યુનિયન (ચટૂની)ના મુખ્ય નેતા અને રાષ્ટ્રીય અધ્યક્ષ ગુરનામ સિંહ ચદ્રની ખાસ ઉપસ્થિત રહેવાના છે.




શનિવારે રાત્રે ઉપવાસ છાવણી ગજવશે ગુરનામ સિંહ ચદ્રની મળતી માહિતી મુજબ, આગામી શનિવાર, તારીખ ૦૪/૦૭/૨૦૨૬ના રોજ રાત્રે ૦૯:૦૦ કલાકે જેતપુર ખાતે કાર્યરત ખેડૂતોની ઉપવાસ છાવણીમાં એક વિશેષ સમર્થન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય કિસાન નેતા ગુરનામ સિંહ ચદ્રની આંદોલનકારી ખેડૂતોની વચ્ચે હાજર રહીને તેમનો જુસ્સો વધારશે અને વીજ લાઈન સામેની લડતમાં આગળની રણનીતિ નક્કી કરશે. જેતપુર અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોના ખેડૂતોના હક અને જમીનની રક્ષા માટે ચાલી રહેલા આ આંદોલનને મજબૂત કરવા માટે કિસાન સંગઠનો દ્વારા મોટી જાહેરાત કરવામાં આવી છે. આસપાસના તમામ વિસ્તારના ખેડૂતો ભાઈઓને ન્યાયની આ લડતમાં સહભાગી થવા અને શનિવારે રાત્રે યોજાનારા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા માટે હાર્દિક અપીલ કરવામાં આવી છે.

**મોટું ઓપરેશન : જૈશ–એ–મોહમ્મદ રાજ્યમાં નેટવર્ક સક્રિય કામગીરી કરી રહ્યા હતા**

# ગુજરાતમાં આતંકી નેટવર્ક એક્ટિવ? ATSએ 8 આતંકીઓ ઝડપ્યા






## મધ્યપ્રદેશ અને ગુજરાતમાં ATSનું ઓપરેશન : ગુજરાતને આતંકવાદી બનાવવનાર 8 હરામખોરો

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

દેશની આંતરિક સુરક્ષાને પ્રભાવિત કરવાના એક મોટા આતંકી ષડયંત્રનો પર્દાફાશ થયો છે. સુરક્ષા એજન્સીઓએ સંયુક્ત ઓપરેશન હાથ ધરીને ગુજરાત અને મધ્ય પ્રદેશના વિવિધ જિલ્લાઓમાંથી પ્રતિબંધિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ સાથે સંકળાયેલા ૮ આતંકીઓની ધરપકડ કરી છે. આ ઓપરેશનને પગલે બંને રાજ્યોમાં સુરક્ષા વ્યવસ્થા વધુ સઘન બનાવી દેવામાં આવી છે.

અહેવાલો અનુસાર, પકડાયેલા તમામ આરોપીઓ આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિબંધિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદના સક્રિય સભ્યો છે અને લાંબા સમયથી સંગઠન વતી ગુપ્ત રીતે કામ કરી રહ્યા હતા. તે આતંકવાદી સંગઠનના સંપર્કમાં રહીને ગુજરાત રાજ્યમાં સંગઠનના નેટવર્કને મજબૂત કરવા તેમજ આતંકવાદી પ્રવૃત્તિઓ અને દેશવિરોધી કૃત્યોને આગળ ધપાવવા માટે સક્રિય હતા. સ્થાનિક સ્તરે રેકી કરવા અને યુવાનોને ગેરમાર્ગે દોરવા પાછળ પણ તેમનો હાથ હોવાની આશંકા સેવાઈ રહી છે.

આતંકીઓના આ મોડ્યુલ અંગે કેન્દ્રીય અને રાજ્યની સુરક્ષા એજન્સીઓને ચોક્કસ ગુપ્ત માહિતી મળી હતી. જેના આધારે ટેકનિકલ સર્વેલન્સ ગોઠવીને ગુજરાત અને મધ્ય પ્રદેશના અલગ-અલગ શંકાસ્પદ ઠેકાણાઓ પર એકસાથે દરોડા પાડવામાં આવ્યા હતા. આ સર્ચ ઓપરેશન દરમિયાન ૮ આરોપીઓ આબાદ ઝડપાઈ ગયા હતા.

પકડાયેલા આતંકવાદીઓમાં અહમદ અબ્દુલ્લા ગાજીવાળા, ઈબ્રાહિમ મોહમ્મદ હુસેન ઘાઘા, મુદસ્સિર અબ્દુલ્લા ગાજીવાલા, ઝકારિયા દુરાની, મુફ્તિ ફૌજાન, મોહમ્મદ અમીન શેરા, મોહમ્મદ અબ્દુલ રહેમાન સાવડી અને બિલાલ મોહમ્મદનો સમાવેશ થાય છે. આ તમામ શખ્સો સામે દેશવિરોધી પ્રવૃત્તિઓ અને આતંકવાદી નેટવર્ક સાથે જોડાયેલા હોવાના ગંભીર આરોપો હેઠળ એટીએસ દ્વારા આગળની કાયદેસરની તપાસ અને સઘન પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

## ઈમાનદાર નાગરિકો આગળ આવ્યા

## 3.44 લાખ કરદાતાઓએ કરોડોનો વેરો ભરી RMCની તિજોરી છલકાવી

# મહાપાલિકા કટકીમાં મશગુલ? પ્રજાએ 'મહેનત'ના 245 કરોડ 3 મહિનામાં વેરો ભર્યો

## 3.44 લાખ પૈકી 2.69 લાખ કરદાતાઓએ ઓનલાઈન વેરો ચૂકવ્યો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટનાં ઈમાનદાર કરદાતાઓએ મનપાની તિજોરીને છલકાવી દીધી છે. ચાલુ વર્ષે ૭ એપ્રિલથી લઈને જૂનનાં અંત સુધી એટલે કે માત્ર ત્રણ મહિનામાં કુલ ૩.૪૪ લાખ કરદાતાઓએ મનપાની તિજોરીમાં રૂ. ૨૪૫ કરોડ ચૂકવી દેતા તંત્રનો વાર્ષિક ટાર્ગેટ ૬૦% જેટલો પૂરો થઈ ચૂક્યો છે. જોકે આ માટે મનપા તંત્ર દ્વારા ઈમાનદારીની ભેટ તરીકે કરદાતાઓને કુલ રૂ.૨૭ કરોડ જેટલું વળતર આપવામાં આવ્યું છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ વધુમાં વધુ લોકો દ્વારા ઓનલાઈન વેરો ભરવામાં આવ્યો હતો અને કુલ ૩.૪૪ લાખ પૈકી ૨.૬૯ લાખ કરદાતાઓએ ઓનલાઇન માધ્યમો દ્વારા પોતાનો વેરો ચુકવ્યો હતો. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ એપ્રિલ માસથી વેરા વળતરની યોજનાનો પ્રારંભ કરાયો હતો. પ્રથમ તબક્કે એપ્રિલથી મે અંત સુધીમાં મહિલા કરદાતાઓને ૧૫ ટકા તેમજ ઓન લાઇન ૧૬ ટકા પુરૂષ કરદાતાઓને ૧૦ ટકા અને ઓનલાઇન વેરો ભરનાનરાને ૧૧ ટકા તેમજ સળંગ ત્રણ વર્ષ ઓનલાઇન વેરો ભરનારા પ્રમાણિક કરદાતાઓને વધુ ૧ ટકા વળતર અપાયું હતું. આ પછી જૂન માસ દરમિયાન મહિલા કરદાતાઓને ૧૦ તેમજ પુરૂષ કરદાતાઓને ૫ ટકા અને ઓનલાઇન વેરો ભરનારાને ૧ ટકા વધુ વળતર યોજના અમલમાં રાખવામાં આવી હતી. જૂન માસમા આ વળતર યોજના પુરી થઇ ત્યાં સુધીમાં મહાપાલિકામાં નોંધાયેલા ૬ લાખ કરદાતાઓમાંથી ૩,૪૪,૨૫૫ પ્રમાણિક કરદાતાઓએ રૂ. ૨૪૫.૪૫ કરોડનો વેરો ભરપાઇ કરીને મનપાની તિજોરી છલકાવી દીધી છે. આ સામે મહાનગરપાલિકાએ પણ રૂ.૨૭.૧૨ કરોડ જેવું વળતર ચુકવ્યું હતું. મહાનગરપાલિકા દ્વારા ડિજીટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવા ઓનલાઇન વેરો ભરનારા કરદાતાઓને લાંબા સમયથી ૧ ટકા વધારાનું વળતર ચુકવવામાં આવે છે.મનપાની આ પહેલને કારણે ડિજિટલ પેમેન્ટ કરનારા નાગરિકોની સંખ્યા સતત વધી રહી છે. ચાલુ વર્ષે પણ આ કારણે જ વેરા વળતરની યોજનામાં સૌથી વધારે કરદાતાઓએ પોતાના ટેક્સની જુદા-જુદા ઓનલાઇન માધ્યમો દ્વારા ચુકવણી કરી છે. વેરો ભરપાઇ કરનારા કુલ ૩,૪૪,૨૫૫ કરદાતામાંથી ૨,૬૯,૧૨૦ કરદાતાઓએ રૂ. ૧૭૭.૬૦ કરોડ ઓનલાઇન વેરો ભરપાઇ ર્ક્યો હતો અને ૧ ટકા વધુ વળતરનો લાભ લીધો હતો. જયારે ૭૫,૧૩૫ કરદાતાઓએ રૂ. ૩૦.૨૨ કરોડ ચેક મારફત અને ૩૭.૬૩ કરોડ રોકડથી વેરો ભરપાઇ ર્ક્યો હતો. મનપાનાં વેરા વિભાગના મેનેજર વત્સલ પટેલે આ અંગે જણાવ્યું હતું કે, ચાલુ વર્ષે પણ વેરા વળતર યોજનાને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો છે. અને મનપામાં નોંધાયેલી કુલ ૬ લાખ મિલકતો પૈકી અંદાજે ૩.૫૦ લાખ મિલકત ધારકોએ પોતાનો વેરો એડવાન્સમાં ભરી દેતા રૂ. ૨૪૫ કરોડની આવક થઈ છે. એડવાન્સ વેરો ભરનારા તમામ કરદાતાઓને મળીને રૂ. ૨૭ કરોડથી વધુ વળતર પણ આપવામાં આવ્યું છે. બાકી રહેલા ૨.૫૦ લાખ મિલકત ધારકો પણ પોતાનો વેરો ઝડપથી ભરીને સિલિંગ જેવી કડક કાર્યવાહીથી બચે તેવી અપીલ પણ તેમણે કરી છે.




## રાજકોટમાં કુલ 6 લાખ મિલકતો પૈકી 3.50 લાખ કરદાતાઓએ મિલકત વેરો એડવાન્સ ભરી દીધો

### જિલ્લામાં મગફળીનું 81 હજાર હેક્ટર કપાસનું 31 હજાર હેક્ટરમાં વાવેતર થયું છે

# રાજકોટ જિલ્લામાં કૃષિ સંકટ ઘેરાયું: માત્ર 24% જ વાવેતર




**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ જિલ્લામાં આ વર્ષે વરસાદે મોં ફેરવતા કૃષિ ક્ષેત્રમાં ચિંતાજનક સ્થિતિ સર્જાઈ છે. ગત વર્ષની સરખામણીએ વરસાદ ખૂબ ઓછો નોંધાતા વાવેતર પર સીધી અસર પડી છે અને ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે.ગત વર્ષે ૩ જુલાઈ સુધીમાં જિલ્લામાં અંદાજે ૨૩ ટકા વરસાદ નોંધાયો હતો, જ્યારે આ વર્ષે એ જ સમયગાળામાં માત્ર ૧૦ ટકા વરસાદ નોંધાયો છે. વરસાદની આ ભારે ખોટના કારણે વાવેતરની ગતિ ધીમી પડી ગઈ છે.

આંકડાઓ પર નજર કરીએ તો ગત વર્ષે ૩ જુલાઈ સુધીમાં લગભગ ૯૪ ટકા વાવેતર પૂર્ણ થઈ ગયું હતું, જ્યારે આ વર્ષે માત્ર ૨૪ ટકા જ વાવેતર થઈ શક્યું છે. આ તફાવત ખેડૂતો માટે ચિંતાજનક સંકેત છે.હાલ સુધીમાં જિલ્લામાં મગફળીનું અંદાજે ૮૧,૦૦૦ હેક્ટર અને કપાસનું લગભગ ૩૧,૦૦૦ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું છે. જ્યારે ગત વર્ષે કુલ ૫.૨૫ લાખ હેક્ટર વિસ્તારમાં ખરીફ પાકનું વાવેતર થયું હતું, જેમાં મગફળીનું ૩.૩૦ લાખ હેક્ટર અને કપાસનું ૧.૮૧ લાખ હેક્ટર વિસ્તાર સમાવેશ થતો હતો. વરસાદ ખેંચાતા ઘણા ખેડૂતો હજુ વાવેતર કરવા માટે તૈયાર નથી, કારણ કે જમીનમાં ભેજની ભારે અછત છે. વાવણીલાયક વરસાદ ન પડતા હાલ સ્થિતિ કફોડી બની ગઈ છે.જો નજીકના સમયમાં સારો વરસાદ નહીં પડે, તો ખેડૂતોએ ભારે નુકસાન સહન કરવું પડી શકે છે અને તેની સીધી અસર કૃષિ ઉત્પાદન તેમજ સ્થાનિક અર્થતંત્ર પર જોવા મળશે.

## ગુજરાતમાં સિઝનનો માત્ર 8.46% જેટલો જ વરસાદ

### 251 તાલુકામાં અત્યાર સુધી 129 તાલુકાઓમાં 0 થી 50 મિમી વરસાદ નોંધાયો

68 તાલુકાઓમાં 51થી 125 મિમી 37 તાલુકાઓમાં 126થી 250 મિમી 16 તાલુકાઓમાં 251થી 500 મિમી એક તાલુકામાં 501થી 1000 મિમી

દક્ષિણ ગુજરાતમાં 10.39% વરસાદ
સૌરાષ્ટ્રમાં 10.45% વરસાદ
મધ્ય ગુજરાતમાં 7.58% વરસાદ
કચ્છમાં 0.40% વરસાદ નોંધાયો

# વરસાદે વિકાસની પોલ ખોલી !

### સ્ટ્રકચર નબળું પડતા રી-ડેવલપમેન્ટનો નિર્ણય

## બાલાજી વેફર પાસેનો પૂલ બેસી ગયો ?



## તંત્રની સ્પષ્ટતાઃ નબળો પડતા તોડી નાખવામાં આવ્યો છે..

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરમાં બાલાજી વેફર નજીક આવેલા પૂલમાં ગાબડાની ઘટના બાદ લોકોમાં ચિંતા ફેલાઈ હતી. જોકે, આ મામલે માર્ગ અને મકાન વિભાગ દ્વારા મહત્વપૂર્ણ સ્પષ્ટતા આપવામાં આવી છે.

વિભાગના અધિકારીએ ટેલીફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે આ પૂલ સ્ટ્રક્ચરલી નબળો પડી ગયો હતો, જેના કારણે ભવિષ્યમાં કોઈ અકસ્માત ન સર્જાય તે માટે રી-ડેવલપમેન્ટનો નિર્ણય લેવામાં આવ્યો. સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ પૂલને નિયંત્રિત રીતે તોડી પાડવામાં આવ્યો છે.

અધિકારીએ વધુમાં જણાવ્યું કે પૂલ તોડતા પહેલા વાહનવ્યવહારને અસર ન થાય તે માટે યોગ્ય ડાયવર્ઝન આપવામાં આવ્યું હતું. હાલ ટ્રાફિકને વિકલ્પ માર્ગ પરથી પસાર કરવામાં આવી રહ્યો છે.

વિભાગના જણાવ્યા મુજબ, નવી અને વધુ મજબૂત રચના સાથે આ સ્થળે પૂલનું પુનનિર્માણ કરવામાં આવશે, જેથી ભવિષ્યમાં આવી સમસ્યાઓથી બચી શકાય.આ ઘટનાએ એકવાર ફરી શહેરના ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સ્થિતિ પર સવાલો ઉભા કર્યા છે, સાથે જ સમયસર રી-ડેવલપમેન્ટની જરૂરિયાત પણ સ્પષ્ટ કરી છે.

### ધોરાજીમાં સાવેલી

## નદીનો ડાયવર્ઝન પૂલ તણાયોઃ 100 ગામોનો સંપર્ક તૂટ્યો

### વાહન વ્યવહાર સંપૂર્ણ બંધ; ખેડૂત, વિદ્યાર્થીઓને ભારે હાલાકી



**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકામાં ભારે વરસાદને પગલે ઝાંઝમેર-સોડવદર માર્ગ પર સાવેલી નદીનો કામચલાઉ ડાયવર્ઝન પુલ ધોવાઈ ગયો છે. નવા પુલનું કામ ચાલુ હોવાથી બનાવાયેલા આ ડાયવર્ઝનને પાણીના જોરદાર પ્રવાહે તોડી નાખ્યો હતો. પરિણામે વાહનવ્યવહાર સંપૂર્ણ બંધ થઈ ગયો છે અને ૧૦૦થી ૧૫૦ જેટલા ગામોનો સંપર્ક ખોરવાયો છે. ખેડૂતો, વિદ્યાર્થીઓ અને સ્થાનિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ઝાંઝમેર ગ્રામ પંચાયતે તંત્ર સમક્ષ તાત્કાલિક સમારકામની માંગ કરી છે. ચોમાસાની શરૂઆતમાં જ સર્જાયેલી આ સ્થિતિને ધ્યાનમાં રાખી તંત્ર યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરે તેવી માંગ ઉઠી છે. ધોરાજી તાલુકામાં પડેલા ભારે વરસાદને પગલે ઝાંઝમેર-સોડવદર માર્ગ પર સાવેલી નદીમાં પૂર જેવી સ્થિતિનું નિર્માણ થયું હતું. આ નદી પર નવા પુલ બનાવવાની કામગીરી ચાલી રહી હોવાથી વાહનવ્યવહાર માટે એક કામચલાઉ ડાયવર્ઝન પુલ તૈયાર કરવામાં આવ્યો હતો. પરંતુ વરસાદી પાણીના જોરદાર અને ધસમસતા પ્રવાહ સામે આ ડાયવર્ઝન ટકી શક્યું ન હતું અને જોતજોતામાં જ ધોવાઈ ગયું હતું.

### આકાશી આફત બેકાબુ : પૂર, ભૂસ્ખલન અને વરસાદે મચાવ્યો હાહાકાર

# પહાડોનું ધૈર્ય તૂટ્યું : 10ના મોત



**હિમાચલમાં ભૂસ્ખલન, વાહનો કાટમાળમાં દટાયા**



**ઉજ્જૈનમાં પૂર, મંદિરો ડૂબ્યા, લખનઉમાં ઘરોમાં પાણી ઘૂસ્યું**



**રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, બિહાર, પંજાબ, ગુજરાત, ઉત્તરાખંડમાં રાજ્યોમાં ભારે વરસાદ ચાલુ**

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

દેશભરમાં ચોમાસાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતાં અનેક રાજ્યોમાં પૂર, ભૂસ્ખલન અને ભારે વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત બની ગયું છે. હિમાચલ પ્રદેશમાં ભૂસ્ખલનની ઘટનાઓમાં ૧૦ લોકોના મોત થયા હોવાનું સામે આવ્યું છે, જ્યારે કિન્નૌર જિલ્લાના ચોલિંગ વિસ્તારમાં નેશનલ હાઈવે પર કાટમાળ ધસી પડતાં બે વાહનો દટાઈ ગયા હતા. રાજ્યમાં ૪૯ રસ્તાઓ હજુ પણ બંધ છે. મધ્ય પ્રદેશના ઉજ્જૈનમાં ક્ષિપ્રા નદીનું જળસ્તર વધતાં રામઘાટ નજીક આવેલા મંદિરો પાણીમાં ગરકાવ થઈ ગયા છે. બીજી તરફ ઉત્તર પ્રદેશના લખનઉ, ઉન્નાવ, બારાબંકી સહિતના વિસ્તારોમાં વરસાદી પાણી ઘરોમાં ઘૂસી જતાં લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ગુજરાતના વલસાડમાં પણ અનેક માર્ગો પાણીમાં ગરકાવ થતાં વાહનવ્યવહાર પ્રભાવિત થયો હતો.

## કેદારનાથ યાત્રા હાલ પૂરતી બંધ

ઉત્તરાખંડમાં રુદ્રપ્રયાગ અને ચમોલી સહિતના વિસ્તારોમાં પહાડ ધસી પડતાં બદ્રીનાથ અને કેદારનાથ હાઈવે પર અવરજવર ખોરવાઈ ગઈ છે. સતત પથ્થરમારાના જોખમને કારણે કેદારનાથ યાત્રા અસ્થાયી રીતે રોકી દેવામાં આવી છે.



## આગામી 2 દિવસ હવામાનની સ્થિતિ

### ● ૪ જુલાઈની આગાહી

- ભારે વરસાદઃ છત્તીસગઢ, તેલંગાણા, ઓડિશા, કેરળ, ગોવા, તમિલનાડુ, અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં.
- વાવાઝોડું અને પવનઃ બિહારમાં ૫૦-૬૦ kmph ની ઝડપે વાવાઝોડું આવી શકે છે. મધ્ય પ્રદેશ, ઓડિશા, પૂર્વ રાજસ્થાન અને તમિલનાડુમાં તેજ પવન ફૂંકાશે.
- હીટવેવઃ પૂર્વ ઉત્તર પ્રદેશના કેટલાક વિસ્તારોમાં ગરમીનો પ્રકોપ ચાલુ રહેશે.

### ● ૫ જુલાઈની આગાહી

- ભારે વરસાદનું એલર્ટઃ આંધ્ર પ્રદેશ, ઝારખંડ, ઓડિશા, આસામ, મેઘાલય, પશ્ચિમ બંગાળ અને સિક્કિમના કેટલાક ભાગો.
- ઓરેન્જ એલર્ટઃ સિક્કિમ, ગોવા, તેલંગાણા અને કર્ણાટકના દરિયાકાંઠાના વિસ્તારો.
- હીટવેવ એલર્ટઃ મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રના નાગપુર-અમરાવતી પ્રદેશમાં સતત પાંચમા દિવસે હીટવેવની આગાહી.

# દેશભરમાં ચોમાસાનું ‘રાજ’ છવાયું

- **રાજસ્થાનઃ** ચોમાસું ૧૩ જિલ્લામાં પહોંચી ગયું છે. છેલ્લા ૨૪ કલાકમાં કરૌલી અને ઝુંઝુનૂમાં ૨ ઈંચ સુધી વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગે કોટા, બારાં અને ઝાલાવાડ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.
- **મધ્યપ્રદેશઃ** શુક્રવારે ખંડવા અને હરદામાં ભારે વરસાદનું રેડ એલર્ટ છે. જ્યારે ધાર, બડવાની, ખરગોન, દેવાસ, બુરહાનપુર અને બેતુલમાં આગામી ૨૪ કલાકમાં ૪ થી ૮ ઈંચ સુધી વરસાદનો અંદાજ છે. જોકે, રાજ્યના ૩૮ જિલ્લાઓમાં હજુ પણ સામાન્ય કરતાં ઓછો વરસાદ થયો છે.
- **ઉત્તર પ્રદેશઃ** રાજ્યના તમામ ૭૫ જિલ્લાઓમાં વરસાદનું એલર્ટ છે, જેમાંથી ૧૧ જિલ્લાઓમાં ભારે વરસાદની સંભાવના છે. શામલીમાં દિલ્હી-દેહરાદૂન એક્સપ્રેસવે પર પહેલા જ વરસાદમાં ખાડા પડી ગયાના અહેવાલ છે.
- **બિહારઃ** પટના સહિત સમગ્ર રાજ્યમાં ચોમાસું સક્રિય છે, પરંતુ જુલાઈ મહિનામાં સામાન્ય કરતાં ઓછો વરસાદ થવાની સંભાવના છે. તાપમાનમાં વધારો થતાં તડકા અને ઉમસભરી ગરમી લોકોને પરેશાન કરી શકે છે. ૫-૬ જુલાઈએ ભારે વરસાદની ચેતવણી છે.
- **પંજાબ–ચંદીગઢઃ** આગામી પાંચ દિવસ સુધી વરસાદનો દોર ચાલુ રહેશે. લુધિયાણા અને ફરીદકોટમાં સૌથી વધુ વરસાદ નોંધાયો છે. આ વર્ષે ચોમાસું પંજાબમાં ૯ દિવસ અને ચંદીગઢમાં ૭ દિવસ મોડું પહોંચ્યું છે.
- **ઉત્તરાખંડઃ** તમામ જિલ્લાઓમાં છૂટોછવાયો વરસાદ પડી રહ્યો છે. દેહરાદૂન, ટિહરી, પૌરી, નૈનીતાલ અને બાગેશ્વરમાં ઓરેન્જ એલર્ટ છે. ચારધામના રસ્તાઓ પર પથ્થરો અને કાટમાળ પડવાની ઘટનાઓ સતત બની રહી છે.



# બોમ્બે હાઈકોર્ટે કહ્યું | પોલીસ સરકારની નોકર નથી જનતાની સેવક છે




- » પોલીસ સરકારનો વિરોધ કરવા ઉપર કેસ કેમ કરે છે
- » લોકોને સરકારના ગુલામ બનાવવામાં આવી રહ્યા છે
- » સરકારની ટીકા કરવી ગૂનો ? હાઈકોર્ટના સવાલે ઉઠાવ્યો મોટો મુદ્દો

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

બોમ્બે હાઈકોર્ટના જજ જસ્ટિસ માધવ જામદારે ગુરુવારે જણાવ્યું હતું કે, પોલીસે લોકોને માત્ર એટલા માટે શહેર-વિસ્તારમાંથી હાંકી કાઢી શકે નહીં કારણ કે તેઓએ સરકારના નિર્ણયોનો વિરોધ કર્યો છે અથવા સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા છે. તેમણે કહ્યું- વિરોધ કરવો એ નાગરિકોનો અધિકાર છે. અરજદારે હમણાં 'ભાજપ સરકાર મુર્દાબાદ', 'અમિત શાહ મુર્દાબાદ' જેવા નારા લગાવ્યા છે. નાગરિકો આવા નારા શા માટે ન લગાવી શકે? આવા નારાઓ માટે દેશનિકાલનો આદેશ શા માટે? સોશિયાલિસ્ટ ડેમોક્રેટિક પાર્ટી ઓફ ઈન્ડિયા (SDPI) ના મહાસચિવ સઈદ અહેમદના કેસમાં જસ્ટિસ જામદારે કહ્યું- બધા નાગરિકોને ભારત સરકારના ગુલામ બનાવવામાં આવી રહ્યા છે. તેઓ વિરોધ કરી શકતા નથી, તેઓ આંદોલન કરી શકતા નથી, આ બધું શું છે? હવે આટલા બધા પેપર લીક થઈ ગયા છે. જો લોકો વિરોધ કરશે, તો શું તમે કેસ કરશો ?મામલો SDPIના મહાસચિવ સઈદ અહેમદ સાથે જોડાયેલો છે. મુંબઈ પોલીસે તેમની વિરુદ્ધ એક વર્ષનો દેશનિકાલનો આદેશ જારી કર્યો હતો. આની વિરુદ્ધ સઈદે હાઈકોર્ટમાં અરજી કરી હતી. સઈદ નાગરિકતા સંશોધન કાયદો (CAA) અને જ્ઞાનવાપી મસ્જિદ વિવાદ સહિત અનેક મુદ્દાઓ પર વિરોધ પ્રદર્શનોનું આયોજન કરી રહ્યા હતા.જસ્ટિસ જામદારે પૂછ્યું કે સઈદ વિરુદ્ધ નોંધાયેલી પાંચ FIRના આધારે તેમને એક વર્ષ માટે શહેરની બહાર કરવાનો આદેશ શા માટે આપવામાં આવ્યો? આમાં મોટાભાગના કેસ કેન્દ્ર સરકારના નિર્ણયો વિરુદ્ધ પ્રદર્શન અને ધરણા-પ્રદર્શન સાથે જોડાયેલા હતા.જસ્ટિસ માધવ જામદારે કહ્યું કે સરકારના નિર્ણયો વિરુદ્ધ ધરણા-પ્રદર્શન કરવું કોઈ વ્યક્તિને દેશનિકાલ આપવાનો આધાર ન હોઈ શકે. બંધારણ નાગરિકોને પોતાની વાત કહેવાનો અને સન્માન સાથે જીવવાનો અધિકાર આપે છે.આ જ આધારે હાઈકોર્ટે સઈદ અહેમદ વિરુદ્ધ જારી કરાયેલા એક વર્ષના દેશનિકાલના આદેશને રદ કર્યો અને પોલીસ તથા પ્રશાસનના બંને આદેશોને રદબાતલ કર્યા.

# વોર્ડ નં.18માં બાપા સીતારામ ચોક પાસે પાણી ભરાતા રોગચાળાની ભીતિ!




**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા (RMC) ના સ્માર્ટ સિટી અને વિકાસના બણગાં ફૂંકતા અધિકારીઓની કામગીરીની વાસ્તવિકતા વરસાદે ઉઘાડી પાડી દીધી છે. કોર્પોરેશનના ભ્રષ્ટ વહીવટનો તાજો નમૂનો વોર્ડ નં. ૧૮માં આવેલા બાપા સીતારામ ચોક વિસ્તારમાં જોવા મળ્યો છે. અહીં કોર્પોરેશન દ્વારા તાજેતરમાં જ બનાવવામાં આવેલો નવો નક્કોર રોડ ગણતરીના દિવસોમાં જ તૂટી ગયો છે. રોડની કામગીરીમાં વપરાયેલા હલકી ગુણવત્તાના મટિરિયલ અને અધિકારીઓની દેખરેખના અભાવે આખો રસ્તો અત્યારે બિસ્માર હાલતમાં ફેરવાઈ ગયો છે. સ્થાનિક લોકોની હાલાકી એટલી હદે વધી ગઈ છે કે, રોડ તૂટી જવાના કારણે મોટા ખાડાઓ પડી ગયા છે અને તેમાં વરસાદી પાણી ભરાઈ રહે છે. સૌથી મોટી અને ગંભીર બેદરકારી એ છે કે, વરસાદ રોકાઈ ગયાના બે-બે દિવસ પછી પણ આ વિસ્તારમાં ભરાયેલા પાણીનો કોઈ જ નિકાલ થતો નથી.

### મોદી 3.0 ટીમ તૈયારઃ ગમે ત્યારે નવા કેબિનેટ મંત્રીઓની જાહેરાત

# ધર્મેન્દ્ર પ્રધાન મંત્રી પદ છોડીને સંગઠનમાં ? ગડકરીને મજબુત પોર્ટફોલિયો આપશે ?

### 18 જુલાઈથી શરૂ થઈ રહેલા મોન્સુન સત્ર પહેલા મોટો નિર્ણય લેવાઈ તેવી શક્યતા



**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

મોદી સરકારની કેબિનેટમાં ટૂંક સમયમાં મોટો ફેરબદલ થવાની અટકળોએ જોર પકડ્યું છે. શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને લઈને ચર્ચાઓ ચાલી રહી છે કે તેમને મંત્રી પદેથી હટાવીને સંગઠનમાં નવી જવાબદારી સોંપવામાં આવી શકે છે અથવા તેઓ પદ પર યથાવત રહેશે. બીજી તરફ, કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીને લઈને પણ મોટી ચર્ચા છે કે પીએમ મોદી તેમને સરકારમાં કોઈ નવી અને મોટી જવાબદારી આપી શકે છે.મીડિયા રિપોર્ટ્સ અનુસાર, નીતિન ગડકરીને એક કરતાં વધુ મંત્રાલયોની જવાબદારી સોંપવામાં આવી શકે છે. હાલમાં તેઓ છેલ્લા ૧૨ વર્ષથી રોડ એન્ડ ટ્રાન્સપોર્ટ મંત્રાલય સંભાળી રહ્યા છે. કેબિનેટમાં આ ફેરફાર ક્યારે થશે તે અંગે સત્તાવાર જાહેરાત નથી થઈ, પરંતુ ૧૮ જુલાઈથી શરૂ થઈ રહેલા મોન્સૂન સત્ર (ચોમાસુ સત્ર) પહેલાં આ મોટો નિર્ણય લેવાઈ શકે છે.આ ફેરબદલમાં NDA કેટલાક ચોંકાવનારા ચહેરાઓને કેબિનેટમાં સ્થાન આપી શકે છે. RBIના પૂર્વ ગવર્નર શક્તિકાંત દાસની કેબિનેટમાં એન્ટ્રી થવાની પ્રબળ શક્યતા સેવાઈ રહી છે, કારણ કે વર્તમાન નાણામંત્રી નિર્મલા સીતારમણને કોઈ નવી જવાબદારી સોંપવામાં આવી શકે છે. આ સિવાય, 'આપ' (AAP)માંથી ભાજપમાં જોડાયેલા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને રાજ્યસભા સાંસદ રાઘવ ચઢ્ઢાને પણ મંત્રીમંડળમાં સામેલ કરવામાં આવી શકે છે. સાથે જ, તૃણમૂલ કોંગ્રેસ (TMC)માંથી બળવો કરીને આવેલા સાંસદો સુખેન્દુ શેખર રે અને સંદીપ બંદોપાધ્યાયના નામો પણ ચર્ચામાં છે. ભાજપની કેન્દ્રીય ટીમ અને કેબિનેટમાં ફેરફારની અટકળો વચ્ચે ગુરુવારે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ નીતિન નવીને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરી હતી. આ બેઠકમાં ભાજપના મહાસચિવ બી.એલ. સંતોષ પણ હાજર હતા. જાન્યુઆરીમાં પ્રમુખ બનેલા નીતિન નવીનની નવી ટીમમાં વરિષ્ઠ અને યુવા નેતાઓને સમાન સ્થાન મળી શકે છે. એવું પણ કહેવાય રહ્યું છે કે કેન્દ્રીય કેબિનેટ અને ભાજપ સંગઠનની નવી ટીમની જાહેરાત એકસાથે કરવામાં આવશે.નવા ચહેરાઓને સ્થાન આપવા માટે કેટલાક વર્તમાન મંત્રીઓને બહારનો રસ્તો બતાવવામાં આવી શકે છે. અટકળો મુજબ, કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરી અને રવનીત સિંહ બિટ્ટુને કેબિનેટમાંથી હટાવવામાં આવી શકે છે.

## મોદી કેબિનેટમાંથી 6 મંત્રીઓ હટાવાશે ?

### 9 નવા ચહેરાઓનો સમાવેશ થવાની અટકળો

૧. ધર્મેન્દ્ર પ્રધાન, શિક્ષણ મંત્રીઃ ધર્મેન્દ્ર પ્રધાનના શિક્ષણ મંત્રી રહેતા ૫ મોટી બેદરકારીઓ થઈ- ૨૦૨૬માં NEET પેપર લીક, CBSE બોર્ડની કોપી ચેકિંગમાં ગરબડ, UGC ઈક્વિટી ગાઈડલાઈન્સ, ૨૦૨૪માં UGC-NET પેપર લીક અને ૨૦૨૦માં આવેલી નવી શિક્ષણ નીતિ લાગુ કરવામાં વિલંબ. તેના કારણે કેન્દ્ર સરકાર વારંવાર બેકફૂટ પર જોવા મળી.

૨. હરદીપ સિંહ પુરી, પેટ્રોલિયમ મંત્રીઃ સેક્સ સ્કેન્ડલ 'એપસ્ટીન ફાઈલ્સ' માં પુરીનું નામ જોડાયું. ફેબ્રુઆરીમાં કોંગ્રેસે દાવો કર્યો કે ૨૦૧૪-૧૭ વચ્ચે પુરીએ જેફરી એપસ્ટીન સાથે ૬૨ ઈમેઈલ એક્સચેન્જ અને ૧૪ મીટિંગ્સ કરી.

૩. રવનીત સિંહ બિટ્ટુ, રેલ રાજ્યમંત્રીઃ ૩ જૂને બિટ્ટુએ આગામી વર્ષે યોજાનારી પંજાબ વિધાનસભા ચૂંટણીમાં ઉતરવાની ઈચ્છા જાહેર કરી. તેમણે કહ્યું, 'મેં લોકસભા અને રાજ્યસભામાં ૧૭ વર્ષ પૂરા કરી લીધા છે. મેં મારો સામાન પેક કરી લીધો છે અને પંજાબ જવા માટે સંપૂર્ણ તૈયાર છું.'


૪. પંકજ ચૌધરી, નાણા રાજ્યમંત્રીઃ ભાજપની ઈન્ટરનલ પોલિસી એક વ્યક્તિ, એક પદ હેઠળ ચૌધરીને મોદી કેબિનેટમાંથી મુક્ત કરવામાં આવી શકે છે, જેથી ૨૦૨૭ યુપી વિધાનસભા અને ૨૦૨૯ લોકસભા ચૂંટણી માટે તેમનું પૂરું ફોકસ સંગઠન અને ઈલેક્શન મેનેજમેન્ટ પર રહે.

૫. હર્ષ મલ્હોત્રા, સહકારિતા રાજ્યમંત્રીઃ ભાજપની 'એક વ્યક્તિ, એક પદ' ની નીતિ હેઠળ ૬૨ વર્ષના મલ્હોત્રાને કેબિનેટમાંથી હટાવવામાં આવી શકે છે.

૬. જોર્જ કુરિયન, લઘુમતી બાબતોના રાજ્ય મંત્રીઃ ૨૩ જૂને મોદી કેબિનેટના એકમાત્ર ખ્રિસ્તી મંત્રી કુરિયને રાજીનામું આપી દીધું. ખરેખર, ૨૧ જૂને કુરિયનનો રાજ્યસભાનો કાર્યકાળ પૂરો થઈ ગયો હતો. પાર્ટીએ તેમને ફરીથી તક આપી નહીં.

## ગ્લેમર રિચ લિસ્ટ | દુનિયાના સૌથી અમીર શહેરોની યાદી જાહેર

# અમીરોનું શહેર મુંબઈઃ ૯૦ અબજોપતિઓ સાથે વિશ્વમાં પાંચમું સ્થાન




## ટોપ 10 શહેરમાં દિલ્હી સામેલ 63 અબજોપતિ રહી રહ્યા છે

**સિટી ન્યૂઝ@મુંબઈ**

દુનિયાભરમાં આર્થિક ઉથલપાથલ વચ્ચે પણ સુપર-રિચ એટલે કે અબજોપતિઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. હાલમાં જ જાહેર થયેલા લેટેસ્ટ હુરુન ગ્લોબલ રિચ લિસ્ટના આંકડા અનુસાર, વૈશ્વિક સ્તરે અબજોપતિઓની કુલ સંખ્યા વધીને ૪,૦૨૦ પર પહોંચી ગઈ છે. રસપ્રદ વાત એ છે કે આ અબજોપતિઓ કોઈ એક દેશ પૂરતા મર્યાદિત નથી, પરંતુ વિશ્વના કેટલાક ખાસ મહાનગરો આ ધનકુબેરો માટે હોટસ્પોટ બન્યા છે. આ વૈશ્વિક રેન્કિંગમાં અમેરિકા, ચીન, યુરોપ અને ભારત વચ્ચે જોરદાર ટક્કર જોવા મળી રહી છે.

આ યાદીમાં બીજા સ્થાન પર ચીનના શહેરે કબ્જો કર્યો છે. ચીનનું ટેકનોલોજી હબ ગણાતું શેનઝેન ૧૩૨ અબજોપતિઓ  સાથે બીજા ક્રમે આવી ગયું છે. ત્યારબાદ શાંઘાઈ ૧૨૦ અબજોપતિઓ સાથે ત્રીજા અને દેશની રાજધાની બેઈજિંગ ૧૦૭ અબજોપતિઓ સાથે ચોથા ક્રમે છે. આ ત્રણેય શહેરો મળીને ન્યૂયોર્ક કરતાં પણ બમણાથી વધુ અબજોપતિઓ ધરાવે છે.



### દુનિયાના 10 અમિરોમાં ક્યાં દેશ

| ક્રમ | શહેર | દેશ | સંખ્યા |
|---|---|---|---|
| 1 | ન્યૂયોર્ક | અમેરિકા | 129 |
| 2 | લંડન | બ્રિટન | 97 |
| 3 | શાંઘાઈ | ચીન | 92 |
| 4 | બેઈજિંગ | ચીન | 91 |
| 5 | મુંબઈ | ભારત | 90 |
| 6 | શેનઝેન | ચીન | 85 |
| 7 | હોંગકોંગ | ચીન | 74 |
| 8 | મોસ્કો | રશિયા | 69 |
| 9 | નવી દિલ્હી | ભારત | 63 |
| 10 | સાન ફ્રાન્સિસ્કો | અમેરિકા | 55 |

યુરોપ ખંડની વાત કરીએ તો, યુનાઈટેડ કિંગડમની રાજધાની લંડન ૧૦૨ અબજોપતિઓ સાથે વિશ્વમાં પાંચમા ક્રમે છે. રિયલ એસ્ટેટ, રિટેલ સેક્ટર અને મજબૂત ફાઈનાન્સિયલ સિસ્ટમને કારણે લંડન સમગ્ર યુરોપમાં અમીરોની પહેલી પસંદ બનેલું છે. ભારત માટે ગર્વની વાત એ છે કે દેશની આર્થિક રાજધાની મુંબઈ ૯૫ અબજોપતિઓ સાથે આ વૈશ્વિક યાદીમાં છઠ્ઠા ક્રમે છે. જોકે, અગાઉ મુંબઈ એશિયાનું સૌથી ધનિક શહેર બન્યું હતું, પરંતુ આ વર્ષે શેનઝેને તેને પાછળ છોડી દીધું છે. ભારતની આર્થિક પ્રગતિ અને ઉદ્યોગ સાહસિકતાના કારણે મુંબઈ ઉપરાંત દેશની રાજધાની દિલ્હી પણ ૬૪ અબજોપતિઓ સાથે આ રેન્કિંગમાં ૧૧મા સ્થાન પર મજબૂત પકડ ધરાવે છે.

### દેશમાં 31 હજાર નવા કરોડપતિ બન્યા!

ભારતમાં વર્ષ ૨૦૨૫ દરમિયાન ૩૧૦૩૩ નવા કરોડપતિ બન્યા છે. વર્ષ ૨૦૨૪ની તુલનામાં દેશમાં ૩.૪ ટકાની વૃધ્ધિ નોંધાઈ છે એટલે કે સરેરાશ દરરોજ ૮૫ લોકો આ યાદીમાં સામેલ છે. આ જાણકારી મંગળવારે સ્વિસ બેન્ક યુબીએસના વાર્ષિક વૈશ્વિક સંપત્તિ રિપોર્ટમાં બહાર આવી છે. રિપોર્ટ અનુસાર ગત વર્ષ દુનિયાભરમાં કુલ અંગત સંપત્તિમાં ૧૦.૮ ટકાનો વધારો નોંધાયો છે, તે ૨૦૨૪માં ૪.૬ ટકા અને ૨૦૨૩માં ૪.૨ ટકા હતો. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, મર્જથી બજારે આ વધારામાં મહત્વની ભૂમિકા ભજવી છે. દુનિયાભરમાં લગભગ ૧૦ લાખ નવા કરોડપતિ એટલે કે સરેરાશ દરરોજ ૨૬૦૦ લોકો આ યાદીમાં સામેલ થયા છે. નવા કરોડપતિઓમાં લગભગ અડધી ભાગીદારી અમેરિકાની રહી, જ્યાં ૪.૪૦ લાખથી વધુ નવા કરોડપતિ બન્યા, જ્યારે યુરોપમાં અમેરિકી ડોલરના હિસાબે સંપત્તિમાં સૌથી ઝડપી વધારો નોંધાયો છે. રિપોર્ટ મુજબ ભારતમાં હાલમાં કુલ ૯.૪૪ લાખ કરોડપતિ છે. જ્યારે, અમેરિકામાં સૌથી વધુ ૨.૩૬ કરોડ લોકોની સંપત્તિ કરોડો રૂપિયામાં છે, જ્યારે ત્યાર પછી ચીનમાં ૫૩ લાખ અને જાપાનમાં ૨૯ લાખ લોકો કરોડપતિ છે. બેન્કે કહ્યું છે કે સરેરાશ સંપત્તિ વધવા છતા ૨૦૨૦થી અસમાનતા વધી છે. બેન્કે જણાવ્યું હતું કે મોટાભાગના દેશોમાં મધ્યમ સંપત્તિમાં ઘટાડો થયો છે, જે સૌથી અમીર લોકો અને આમ જનતા વચ્ચે વધતી ખાઈને બતાવે છે.

## કેતન હત્યાકાંડઃ ક્રાઈમ પેટ્રોલ જોઈ ચેતન એજન્સીને ચકમો આપવાનું શીખ્યો હતો

# સિયાનું લાઈ-ડિટેક્ટર ટેસ્ટ બાદ કેતનની હત્યાનું રહસ્ય ખુલશે

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

પુણેના બિઝનેસમૅન કેતન અગ્રવાલની પુણે નજીકના લોહગડ કિલ્લા પરથી ખીણમાં ફગાવીને કરાયેલી હત્યાના કેસની તપાસ અંતર્ગત પુણે ગ્રામીણ પોલીસે ગઈ કાલે કોર્ટમાં અરજી કરીને કેતન અગ્રવાલના હત્યાકેસની મુખ્ય આરોપી સિયા ગોયલ પર પૉલિગ્રાફ ટેસ્ટ એટલે કે લાઈ-ડિટેક્ટર ટેસ્ટ કરાવવાની પરવાનગી માગી હતી. પોલીસે જણાવ્યું હતું કે કેતનને ખીણમાં કોણે ધકેલી દીધો હતો એ પ્રસ્થાપિત કરવા માટે હજી સુધી કોઈ આઇ-વિટનેસ કે ચોક્કસ પુરાવા મળ્યા નથી.પોલીસે કોર્ટને જણાવ્યું હતું કે સિયા ગોયલ અને તેના પ્રેમી ચેતન ચૌધરીનાં સ્ટેટમેન્ટ્સ પહેલાં જ નોંધવામાં આવ્યાં છે, પરંતુ તપાસને આગળ વધારવા માટે લાઈ-ડિટેક્ટર ટેસ્ટની જરૂર છે. પોલીસે કહ્યું કે આ ટેસ્ટ તેમને કેસમાં નવી કડીઓ શોધવામાં મદદ કરી શકે છે. આ ઘટના પર પ્રતિક્રિયા આપતાં સિયા ગોયલના વકીલે જણાવ્યું હતું કે તપાસ-એજન્સીએ પરવાનગી માટે કોર્ટનો સંપર્ક કર્યો હતો, પરંતુ ઉમેર્યું હતું કે આવી ટેસ્ટ કરતાં પહેલાં ઘણી કાનૂની અને ટેક્નિકલ પ્રોસેસ પૂરી કરવી જરૂરી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે પૉલિગ્રાફ ટેસ્ટ માટે આરોપીની સંમતિ ફરજિયાત છે. પ્રાથમિક અથવા સાંયોગિક પુરાવા મર્યાદિત હોય એવા કિસ્સાઓમાં પૉલિગ્રાફ ટેસ્ટની વિનંતી ઘણી વાર કરવામાં આવે છે. જોકે એનાં તારણોને કોર્ટમાં મુખ્ય પુરાવા તરીકે ગણવામાં આવતાં નથી અને સામાન્ય રીતે એનો ઉપયોગ ફક્ત તપાસ દરમ્યાન તપાસકર્તાઓને લીડ્સ વિકસાવવામાં મદદ કરવા માટે થાય છે. આ કેસ સાંયોગિક અને ટેક્નિકલ પુરાવા પર ટકેલો છે. જોકે એમાં આવેલી મુશ્કેલીઓને લીધે જ પોલીસે હવે સિયાની પૉલિગ્રાફ ટેસ્ટ કરાવવાની માગણી કરી છે.

## ત્રીજી વ્યક્તિને કેતનના મર્ડરના પ્લાનિંગની જાણકારી હતી

પુણેના કેતન અગ્રવાલ હત્યાકાંડમાં નવો ખુલાસો થયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પોલીસે બીડમાંથી એક યુવકને કસ્ટડીમાં લીધો છે. આ યુવક બાલેવાડીની એક કંપનીમાં કામ કરે છે. દાવો છે કે આ ત્રીજી વ્યક્તિ સિયા અથવા કેતનમાંથી કોઈ એકનો મિત્ર છે. બંનેએ તેની સાથે કેતનની હત્યાનું આયોજન શેર કર્યું હતું. જોકે, યુવકનું નામ હજુ સુધી સામે આવ્યું નથી. પોલીસ યુવકને સાક્ષી પણ બનાવી શકે છે. બીજી તરફ, પોલીસ સૂત્રોના હવાલાથી તપાસમાં જાણવા મળ્યું છે કે મુખ્ય આરોપી ચેતન ચૌધરી અને સિયાએ ઘટના પહેલા ટીવી સીરિયલ ક્રાઈમ પેટ્રોલના ઘણા એપિસોડ જોઈને સમજવાનો પ્રયાસ કર્યો હતો કે હત્યા પછી તપાસ એજન્સીઓને કેવી રીતે ચકમો આપી શકાય. ૧૮ જૂને લોહગઢ કિલ્લા પરથી પડી જવાથી ૨૫ વર્ષીય કેતન અગ્રવાલનું મૃત્યુ થયું હતું.



## સિયા બિયર પી ફોનમાં કોને ગાળો આપો રહી છે..



સોશિયલ મીડિયા પર તેનો એક જૂનો વીડિયો ખૂબ વાયરલ થઈ રહ્યો છે, જેમાં તે એક પબમાં દારૂ પીતી અને ફોન પર ઉગ્ર ભાષામાં ગાળો બોલતી જોવા મળે છે. ડિસેમ્બર ૨૦૨૫ નો હોવાનું મનાતા આ વીડિયોમાં સિયા હાથમાં બિયરની બોટલ પકડીને ફોન પર કહી રહી છે કે, 'પહેલા એણે મને દગો આપ્યો (ચીટિંગ કર્યું), અને હવે મને ફોન કરે છે.'

### પોલીસે તપાસ શરૂ કરી

## સિયાનો ભાઈ કેતનની બહેન સાથે લગ્ન કરવાનો હતો !



પૂણેમાં ઉદ્યોગપતિ કેતન અગ્રવાલની કથિત હત્યાની તપાસમાં એક નવી વાત જાણવા મળી છે. પુણે ગ્રામીણ પોલીસ હવે અગ્રવાલ અને ગોયલ પરિવારો વચ્ચેના ગાઢ સંબંધો તેમજ બન્ને પરિવારો સાથે સંકળાયેલા બે આગામી લગ્નોની તૈયારીઓની તપાસ કરી રહી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, કેતન અગ્રવાલની સગાઈ સિયા ગોયલ સાથે થઈ હતી. વધુમાં, કેતનની બહેનના લગ્ન સિયાના ભાઈ સાહિલ ગોયલ સાથે કરાવવા અંગે પણ બન્ને પરિવારો વચ્ચે સર્વસંમતિ થઈ હતી. તપાસમાં જાણવા મળ્યું છે કે કેતન અને સિયા પહેલા લગ્ન કરવાના હતા, ત્યારબાદ કેતનની બહેન અને સાહિલ ગોયલના લગ્ન થવાના હતા. બન્ને લગ્ન આ વર્ષે થવાના હતા.

## ભાજપ નેતા વિનય કટિયારે કહ્યું દાનમાંથી ચોરી થઈ હોવાનું સ્પષ્ટ છે

# ‘રામ’ ચંપત રાય, અનિલ મિશ્રાને ‘જેલ’ યાત્રા કરાવશે!



સિટી ન્યૂઝ@નવી દિલ્હી

અયોધ્યાના રામ મંદિરમાં ચોરી અંગે શુક્રવારે વાત કરતા ભાજપના નેતા વિનય કટિયારે જણાવ્યું હતું કે દાનમાંથી ચોરી થઈ હોવાનું સ્પષ્ટ છે. ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાય, ટ્રસ્ટી ડૉ. અનિલ મિશ્રા અને આમંત્રિત સભ્ય ગોપાલ રાવ કોઈક કારણસર જેલમાં જતા બચી ગયા, જોકે, ભવિષ્યમાં તેઓ જેલમાં જઈ શકે છે.

શિવસેના (UBT)ના સાંસદ સંજય રાઉતે જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ તપાસ થવી જોઈએ, તે માત્ર કૉંગ્રેસ પક્ષની જ નહીં પરંતુ સમગ્ર દેશની લાગણી છે. અયોધ્યા એ તીર્થસ્થાન રહ્યું છે. ભગવાન રામની અયોધ્યા હવે ભાજપના સભ્યો દ્વારા ચલાવવામાં આવતું 'અંડરવર્લ્ડ'બની ગયું છે.

RJD સાંસદ મનોજ ઝાએ જણાવ્યું હતું કે, અત્યાર સુધીના અનુભવ અને SITની કાર્યપદ્ધતિને જોતાં એ સ્પષ્ટ છે કે 'માંગુર' માછલી કદાચ પકડાઈ જશે, પરંતુ 'કતલા', 'રોહુ' અને 'શાર્ક' છટકી જશે. એક રીતે જોઈએ તો, સમગ્ર કન્ટ્રોલ સિસ્ટમ ફેલ ગઈ છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, પોલીસ પૂછપરછમાં બહાર આવ્યું છે કે અવિનાશે મોટી રકમ તેમજ સોના-ચાંદીના ઘરેણાં છુપાવીને રાખ્યા હતા. અવિનાશે આપેલી માહિતીના આધારે, પોલીસે તે સ્થળોની મુલાકાત લઈ શકે છે જ્યાં આ રકમ છુપાવવામાં આવી છે. અવિનાશ મંદિરમાં આપવામાં આવતી ભેટ-દાનની રકમ ગણવાનું કામ કરતો હતો. તેના ઘરેથી મંદિરની દાનપેટી, ૨૦ લાખ રૂપિયા રોકડા, ૧૦૦૦ ડોલરથી વધુની રકમ અને ઘરેણાં મળી આવ્યા હતા.

સૂત્રોના જણાવ્યા મુજબ, પોલીસ પૂછપરછમાં જાણવા મળ્યું છે કે અવિનાશે સોના-ચાંદીના દાગીના તેમજ ભેટ તરીકે મળેલી રોકડ રકમ ઠેકાણે પાડી હતી. પોલીસ અવિનાશે જણાવેલા ચોક્કસ સ્થળોની મુલાકાત લઈ શકે છે. આ દરમિયાન, સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (SIT) એ ફરી એકવાર ટ્રસ્ટી ડૉ. અનિલ મિશ્રાને અને ટ્રસ્ટના સભ્ય ગોપાલ રાવને આજે પૂછપરછ માટે બોલાવ્યા છે. તેમને બેંક વિગતો અને મંદિરના કર્મચારીઓની નિમણૂક સંબંધિત દસ્તાવેજો લાવવા કહેવામાં આવ્યું છે. SIT એ ગુરુવારે બંધ બારણે બંનેની પાંચ કલાક સુધી પૂછપરછ કરી હતી.

આરોપી લવકુશ મિશ્રાની પત્ની સુપ્રિયા મિશ્રાએ મીડિયાકર્મી સાથે અડધો દરવાજો ખોલીને વાત કરી હતી. તેણે કહ્યું કે તેને ચોરીના કેસ વિશે કંઈ જ ખબર નહોતી. તેના પતિએ તે વિશે ક્યારેય વાત કરી નહોતી.


સૂત્રોના જણાવ્યા અનુસાર, SITની બીજા તબક્કાની તપાસમાં ચંપત રાય અને ડો. અનિલ મિશ્રની મુશ્કેલીઓ વધી શકે છે. ફાઇનલ રિપોર્ટ આવ્યા બાદ ચંપત રાય, ડો. અનિલ મિશ્ર અને ગોપાલ રાવ વિરુદ્ધ FIR થઈ શકે છે.

આ તરફ, વહીવટીતંત્ર આરોપીઓના ઘરો પર બુલડોઝર કાર્યવાહી કરવાની તૈયારી કરી રહ્યું છે. અયોધ્યા વિકાસ પ્રાધિકરણ (ADA) એ એવા મકાનોની ઓળખ કરી છે, જ્યાં નિયમોનું ઉલ્લંઘન થયું છે. લવકુશ મિશ્રાના શહાદતગંજ ખાતેના મકાન અને અનુકલ્પ મિશ્રાના કૌશલપુરીના ઘર પર કાર્યવાહી થઈ શકે છે. ADA એ લવકુશની પત્ની સુપ્રિયા મિશ્રાને નોટિસ પણ જારી કરી છે. જોકે, લવકુશ મિશ્રાની પત્નીએ કહ્યું કે અમને કોઈ નોટિસ મળી નથી.



## શિવસેનાએ કહ્યું; અયોધ્યા ‘અંડરવર્લ્ડ’ બની ગયું છે ભાજપવાળા ચલાવી રહ્યા છે

## ટીનુ યાદવ દાનચોરીની સાથે VIP દર્શન માટે રૂપિયા પણ પડાવતો



સિટી ન્યૂઝ@નવી દિલ્હી

અયોધ્યાના રામ મંદિરના પ્રસાદ ચોરી કેસની તપાસ દરમિયાન સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમએ વધુ એક મોટો સંકેત શોધી કાઢ્યો છે. તપાસમાં જાણવા મળ્યું છે કે જેની ધરપકડ કરવામાં આવી છે તે આરોપી રામશંકર યાદવ ઉર્ફે ટીનુએ તેના સાથીઓ સાથે મળીને વીઆઈપી દર્શનની આડમાં સંગઠિત ખંડણી નેટવર્ક સ્થાપ્યું હતું. એવો આરોપ છે કે આ ગેંગ ભક્તો પાસેથી લાખો પિયા પડાવતી હતી અને દરરોજ એકઠા થતા પૈસા એકબીજામાં વહેંચતી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, રામ મંદિરમાં પ્રાણ પ્રતિ સમારોહ પછી ભક્તોની સંખ્યામાં ઝડપથી વધારો થતાં, વીઆઈપી દર્શનની આડમાં આ ગેરકાયદેસર ખંડણી પણ મોટા પાયે શ થઈ હતી. સીટની તપાસમાં સંકેત મળ્યો છે કે ધરપકડ કરાયેલા આરોપીઓ જ નહીં, પરંતુ મંદિરના કેટલાક અન્ય કર્મચારીઓ અને બહારના લોકો પણ આ નેટવર્કમાં સામેલ હોઈ શકે છે. તપાસ એજન્સીઓ હવે તે બધાની ભૂમિકાની તપાસ કરી રહી છે.રામ મંદિરમાં દર્શન માટે અલગ અલગ વ્યવસ્થા છે. સામાન્ય ભક્તોને દર્શન મેળવવા માટે લાંબી કતારોમાં રાહ જોવી પડે છે, ત્યારે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા જારી કરાયેલા વીઆઈપી પાસ ઓછા સમય માટે મફત દર્શન આપે છે.સીટના જણાવ્યા અનુસાર, કેટલાક વ્યકિતઓએ આ સિસ્ટમનો દુપયોગ કર્યો હોવાનો આરોપ છે. તેમણે ભક્તોને ઝડપી અને સરળ દર્શનનું વચન આપીને મોટી રકમ પડાવી હતી.

## પાલિતાણા મુખ્યત્વે જૈન ધર્મનું કેન્દ્ર છે


# પાલિતાણા અનોખું શહેર જ્યાં નોનવેજ તો ભૂલી જાઓ ઈંડા વેચાણ ઉપર પણ પ્રતિબંધ !







**2014 માં** માંસ માછલી અને ઈંડાના વેચાણ અને સેવન પર **સંપૂર્ણ પ્રતિબંધ મૂકનાર** વિશ્વનું પ્રથમ શહેર બન્યું



**સિટી ન્યૂઝ@પાલિતાણા**

ભારત ઘણા પવિત્ર અને ધાર્મિક શહેરોનું ઘર છે, પરંતુ ગુજરાતના ભાવનગર જિલ્લામાં સ્થિત પાલિતાણાએ એક ઐતિહાસિક પગલું ભર્યું છે જે વૈશ્વિક સ્તરે અજોડ છે. ૨૦૧૪ માં, પાલિતાણા માંસ, માછલી અને ઈંડાના વેચાણ અને સેવન પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકનાર વિશ્વનું પ્રથમ શહેર બન્યું. આ પવિત્ર શહેરમાં ઈંડાનું વેચાણ એક સજાપાત્ર ગુનો છે, જેની સજા જેલ સુધીની છે.અહીંના પ્રાચીન જૈન મંદિરોની પવિત્રતા જાળવવા માટે આ ફરજિયાત શાકાહારી આહાર લાગુ કરવામાં આવ્યો છે. ગુજરાતનું પાલિતાણા શહેર શત્રુંજય ટેકરીઓ પર વસેલું છે, જ્યાં ૯૦૦ થી વધુ ભવ્ય જૈન મંદિરો છે. આ શહેરને જૈન ધર્મના સૌથી પવિત્ર તીર્થસ્થાનોમાંનું એક માનવામાં આવે છે. ૨૦૧૪ માં, લગભગ ૨૦૦ જૈન સાધુઓએ આ પવિત્ર ક્ષેત્રની ગરિમા જાળવવા માટે એક વિશાળ ભૂખ હડતાળ શરૂ કરી હતી. તેમણે આ ધાર્મિક સ્થળની આસપાસ કાર્યરત આશરે ૨૫૦ કસાઈની દુકાનોને સંપૂર્ણપણે બંધ કરવાની માંગ કરી હતી, જેના પગલે સરકારે આ કડક પગલું ભર્યું હતું. પાલિતાણામાં સંપૂર્ણ શાકાહારના અમલીકરણથી ખાદ્ય સ્વતંત્રતા વિશે એક નવી ચર્ચા શરૂ થઈ છે. વ્યક્તિગત સ્વતંત્રતાના હિમાયતીઓ અને પ્રવાસન વ્યવસાયોએ આ સરકારી પગલાની આકરી ટીકા કરી છે. તેમનો દલીલ છે કે જાહેર શહેરના રહેવાસીઓના આહાર પસંદગીઓ પર આવા નિયંત્રણો અન્યાયી છે. આ પ્રતિબંધથી બિન-જૈન રહેવાસીઓ અને ત્યાં કામ કરતા ગરીબ કામદારોના જીવનનિર્વાહ પર પણ નોંધપાત્ર અસર પડી છે.

### કાયદાના ઉલ્લંઘન બદલ શું દંડ છે?

જૈન સાધુઓના જોરદાર વિરોધ અને લાંબા પ્રદર્શનો બાદ, ગુજરાત સરકારે પાલિતાણામાં માંસ અને ઈંડાના વેચાણ અને પ્રાણીઓની કતલ પર ઔપચારિક પ્રતિબંધ મૂક્યો. શહેરની હદમાં ઈંડા વેચવા કે માંસાહારી ખોરાક પીરસવો હવે ગંભીર ગુનો છે. ઉલ્લંઘન કરનારાઓને પોલીસ કાર્યવાહીનો સામનો કરવો પડી શકે છે અને તેમને જેલની સજા પણ થઈ શકે છે. અહીં, શાકાહાર હવે ફક્ત એક વિકલ્પ નથી પણ કાનૂની જરૂરિયાત છે.

### જૈન ધર્મ માટે આ શા માટે જરૂરી હતું?

જૈન ધર્મમાં, અહિંસા એ અંતિમ ધર્મ માનવામાં આવે છે, અને કોઈપણ જીવંત પ્રાણીને નુકસાન પહોંચાડવું તેના સિદ્ધાંતોની વિરુદ્ધ છે. પાલિતાણાના સમગ્ર જૈન સમુદાય માટે, આ પ્રતિબંધ ફક્ત સરકારી નીતિ કે હુકમ નહોતો. તે તેમની લગભગ ૨,૫૦૦ વર્ષ જૂની અટલ શ્રદ્ધા અને ધાર્મિક માન્યતાને સત્તાવાર રીતે માન્યતા આપવા જેવું હતું. જૈન સમુદાયે કતલખાના બંધ કરવા અને માંસ અને ઈંડાના વેચાણ પર રોક લગાવવાને ઐતિહાસિક વિજય તરીકે જોયો.

### આજે આ શહેરની સ્થિતિ શું છે?

બધા વિવાદો અને ચર્ચાઓ છતાં, પાલિતાણા પૃથ્વી પર એકમાત્ર શહેર છે જ્યાં કડક શાકાહાર કાયદો છે. આ અનોખું શહેર પ્રાચીન માન્યતાઓ અને આધુનિક શાસનના મિશ્રણનું મુખ્ય કેન્દ્ર બન્યું છે. દર વર્ષે, વિશ્વભરના યાત્રાળુઓ અને વિદ્વાનો આ અનોખા કાયદા અને તેના ભવ્ય મંદિરો તરફ આકર્ષાય છે. આ શહેરે તેની પ્લેટ દ્વારા ઇતિહાસમાં સુવર્ણ અક્ષરોમાં પોતાનું નામ લખ્યું છે.

# ચૈતર વસાવા જેલમાં બહાર ચર્ચા ચારેકોર !

### ગોપાલ ઈટાલિયાના ગંભીર આક્ષેપ

## ચૈતર વસાવાને ખોટા કેસમાં ફસાવવા હર્ષ સંઘવીએ ષડયંત્ર રચ્યું

### હાઈકોર્ટના સરકારી વકીલના કથિત વીડિયોને આધારે 'આપ'નો દાવો

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**



નર્મદા જિલ્લાના ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાને નીચલી કોર્ટ દ્વારા ફટકારેલી ૭ વર્ષની જેલની સજાના મામલે ગુજરાતનું રાજકારણ ફરી ગરમાયું છે. આમ આદમી પાર્ટીના ફાયરબ્રાન્ડ નેતા અને વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઇટાલિયાએ આ કેસને લઈને રાજ્ય સરકાર પર અત્યાર સુધીનો સૌથી મોટો અને ગંભીર આરોપ લગાવ્યો છે.ઇટાલિયાએ દાવો કર્યો છે કે, ચૈતર વસાવાને સજા કરાવવાનો નિર્ણય કોઈ સામાન્ય કાનૂની પ્રક્રિયા નથી, પરંતુ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની સીધી સૂચના અને દબાણથી લેવાયેલો રાજકીય નિર્ણય હતો. આ દાવાના સમર્થનમાં તેમણે ગુજરાત હાઈકોર્ટના સરકારી વકીલનો એક કથિત વીડિયો સામે આવ્યો હોવાનો પણ સનસનાટીભર્યો ઉલ્લેખ કર્યો છે.ધારાસભ્ય ગોપાલ ઇટાલિયાએ મીડિયા સમક્ષ આક્રોશ ઠાલવતા જણાવ્યું હતું કે, "જ્યારે ચૈતર વસાવાને જેલમાં મોકલવામાં આવ્યા હતા, ત્યારે પણ અમે સ્પષ્ટ કહ્યું હતું કે સરકારી પોલીસ, સરકારી ફરિયાદી, સરકારી સાક્ષી અને સરકારી વકીલોએ મળીને સત્તાધારી પક્ષ ભાજપના ઈશારે એક આદિવાસી નેતાને ફસાવવાનું મોટું ષડયંત્ર રચ્યું છે. હવે જે કથિત વીડિયો સામે આવ્યો છે, તેનાથી અમારી એ વાત અક્ષરશ સાચી સાબિત થઈ છે."'આપ' ના ધારાસભ્યએ વધુમાં આક્ષેપ કર્યો કે, હાઈકોર્ટના સરકારી વકીલે પોતે સ્વીકાર્યું છે કે તેમને મુખ્યમંત્રી અને ગૃહ રાજ્યમંત્રી કાર્યાલય તરફથી સીધી ગાઈડલાઈન અને સૂચનાઓ મળી રહી હતી અને તે જ કટોકટીભરી વ્યુહરચના મુજબ કોર્ટમાં કાનૂની કાર્યવાહી આગળ ધપાવવામાં આવી હતી. ઇટાલિયાના કહેવા મુજબ, સામાન્ય વહીવટી નિયમો અનુસાર આવી કોઈ પણ કાનૂની સૂચનાઓ જે-તે સંબંધિત વિભાગના સત્તાવાર અધિકારીઓ મારફતે જતી હોય છે, પરંતુ આ હાઈ-પ્રોફાઈલ કેસમાં કાયદાની મર્યાદાઓ નોવેલ તરીકે ઓળખાવી સીધી રાજકીય દખલગીરી કરવામાં આવી છે. ગોપાલ ઇટાલિયાએ આડકતરો પ્રહાર કરતા જણાવ્યું કે, ડેડિયાપાડાના પીઠા ગ્રાઉન્ડમાં જ્યારે હજારોની મેદનીમાં આદિવાસી સમાજ એકત્ર થયો અને વિરોધ પ્રદર્શનો શરૂ થયા ત્યારે જ સરકારનો આ કડક અભિગમ અચાનક બદલાયો છે.

### ભગવાન બિરસા મુંડાના આશીર્વાદ ચૈતરની સાથેઃ આદિવાસી સમાજ

## આદિવાસી સમાજનાં સંમેલનમાં નારોઃએક જ ચાલે..ચૈતર ચાલે

### હજારો લોકો ડેડિયાપાડામાં ઉમટી પડી ચૈતર વસાવાને જેલમાં નાંખવાનો વિરોધ કર્યો




**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

દેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા તથા તેમના પરિવાર અને આદિવાસી સમાજના બીજા આગેવાનો સહિતનાને કોર્ટે વનકર્મીઓ પર હુમલાના કેસમાં ૭ વર્ષની કેદની સજા ફટકારી છે. ત્યારે ચૈતર વસાવાના સમર્થનમાં ડેડીયાપાડા ખાતે 'સામાજિક જનસમર્થન સભા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં આમ આદમી પાર્ટીના પ્રદેશના નેતાઓ સહિત ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્યપ્રદેશના આદિવાસી સંગઠનો તથા આગેવાનો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, ભગવાન બિરસા મુંડાના આશીર્વાદ લઈને નીકળેલા ચૈતરભાઈ વસાવાને ત્રણ વખત જેલમાં નાંખવામાં આવ્યા છે, તેથી હવે આ લોકોને જડબાતોડ જવાબ આપવાનો છે. ચૈતર વસાવાનો ગુનો એટલો જ હતો કે તેમણે જળ, જંગલ અને જમીનના મુદ્દે સરકાર સામે બાથ ભીડી હતી. જ્યાં સુધી ચૈતર વસાવા છે ત્યાં સુધી કોઈ કંપનીની તાકાત નથી કે જંગલની જમીનો પડાવી શકે. ચૈતરભાઈ એકલા નથી, તેમની સાથે આખી ટાઈગર સેના ઉભી છે. ચૈતર વસાવા આદિવાસી સમાજ માટે અવાજ ઉઠાવે છે એટલે તેમને દબાવવાની કોશિશો થઈ રહી છે. આદિવાસી સમાજમાં ભાગલા પાડવા માટે ભાજપના નેતાઓએ ષડયંત્ર રચ્યું છે. અંબાજીથી ઉમરગામ સુધી ફક્ત એક જ નારો બોલાઈ રહ્યો છે, "એક જ ચાલે... ચૈતર ચાલે...." વાંસદાના ધારાસભ્ય અનંત પટેલે જણાવ્યું હતું કે આદિવાસી સમાજ કોઈના બાપથી ડરતો પણ નથી અને ઝુકતો પણ નથી. ભાજપને કહી દો કે ચૈતર વસાવા એકલા નથી, કરોડો આદિવાસી સમાજના લોકો તેમની સાથે છે. આપણે જેલ ભરો આંદોલન કરવાનું છે. એક કરોડ આદિવાસી સમાજને ભરવા માટે કોઈ જેલ બની નથી. પોલીસને કહું છું કે આ આદિવાસી સમાજને ભાજી-મૂળા સમજવાની ભૂલ ન કરે. હવે લાફા વાળી નહીં, હવે ભાજપીયાઓને ભગાડવાની વારો છે.

### પુત્રએ આપઘાત કરવાનું તરકટ રચ્યું હતું અંતે ભાંડો ફૂટ્યો

# ગોંડલમાં દારૂની કૂટેવથી કંટાળેલા માતા-પિતાએ જ દીકરાની હત્યા કરી

**સિટી ન્યૂઝ@ગોંડલ**

રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના ગુંદાળા ગામમાં ૩૦ જૂનના રોજ બનેલા ૨૩ વર્ષીય યુવાનના રહસ્યમય મોતના કેસમાં પોલીસે ચોંકાવનારો ખુલાસો કર્યો છે. શરૂઆતમાં જેને આપઘાત તરીકે રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, તે હકીકતમાં સગા માતા-પિતાએ જ પોતાના પુત્રની ઘાતકી હત્યા કરી હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. દારૂની કુટેવને કારણે ઘરમાં સતત થતા ઝઘડાઓથી કંટાળીને માતા-પિતાએ આ ભયાનક કૃત્ય આચર્યું હોવાનું સામે આવ્યું છે.

પોલીસ તપાસ મુજબ, મૃતક રામ બાબુભાઈ બાંભવાને દારૂ પીવાની ટેવ હતી, જેના કારણે પિતા બાબુભાઈ ઉર્ફે અતુલભાઈ ઘુઘાભાઈ બાંભવા અને માતા મનીષાબેન ઉર્ફે મોતીબેન સાથે વારંવાર વિવાદ થતો હતો. ૩૦ જૂનના રોજ પણ આ જ મુદ્દે ઉગ્ર બોલાચાલી થઈ હતી. ઝઘડો વધતાં માતાએ પુત્રને




**માતાએ બળજબરીથી એસિડ પીવડાવ્યું પિતાએ મારા મારી ગળેટૂંપો આપ્યો**

બળજબરીથી એસિડ પીવડાવ્યું હતું, જ્યારે પિતાએ માર માર્યા બાદ ગળેટૂંપો આપી તેની હત્યા કરી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.ઘટનાને આપઘાતનો રંગ આપવા માટે આરોપી પિતાએ ગોંડલ સિવિલ હોસ્પિટલમાં ઝડપથી પેનલ પોસ્ટમોર્ટમ થઈ જાય તે માટે કેટલાક રાજકીય આગેવાનો અને સ્થાનિક નેતાઓ મારફતે ભલામણો પણ કરાવી હોવાનું તપાસમાં સામે આવ્યું છે. જોકે, પોલીસની સઘન તપાસમાં સમગ્ર કાવતરાનો ભાંડો ફૂટતા આરોપીઓ કાયદાની પકડમાંથી બચી શક્યા નહોતા.આ સમગ્ર મામલે મૃતકની ચાર મહિના પહેલાં જ પરણેલી પત્ની બંશીબેન બાંભવાએ પોતાના સાસુ-સસરા વિરુદ્ધ ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનમાં હત્યાની ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ ૧૦૩(૧), ૧૨૪ અને ૫૪ હેઠળ ગુનો નોંધી બંને આરોપીઓની ધરપકડ કરી છે.આ હાઇપ્રોફાઇલ કેસની તપાસ પોલીસ ઇન્સ્પેક્ટર યુ.આર. ડામોર કરી રહ્યા છે. ગુંદાળા ગામમાં બનેલી આ ઘટનાએ સમગ્ર રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં અરેરાટી ફેલાવી છે. પોતાના જ માતા-પિતા દ્વારા પુત્રની હત્યાની ઘટના સામે આવતાં સમાજમાં પણ ભારે ચકચાર મચી છે.

### પંજાબની દુઃખદ ઘટના

## ત્રણ બાળકોની હત્યા કર્યા બાદ માતાનો આપઘાતઃ ચારેયના મોત

**સિટી ન્યૂઝ@પંજાબ**

પંજાબના માનસામાં એક દુઃખદ ઘટના સામે આવી છે જેણે સૌને ચોંકાવી દીધા છે. વોર્ડ નંબર ૩ માં એક મહિલાએ કથિત રીતે તેના ત્રણ સગીર બાળકોની હત્યા કરી અને પછી ફાંસી લગાવીને આત્મહત્યા કરી લીધી. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોક છવાઈ ગયો છે. પોલીસે ચારેય મૃતદેહોનો કબજો લઈ તપાસ શરૂ કરી છે. તેઓ આ સામૂહિક હત્યા પાછળનું કારણ શોધવા માટે કામ કરી રહ્યા છે.હકીકતમાં, એક જ પરિવારના ચાર સભ્યોના મૃત્યુના સમાચાર સામે આવતાં માનસાના વોર્ડ નંબર ૩ માં સનસનાટી ફેલાઈ ગઈ હતી. પ્રાથમિક માહિતી મુજબ, મહિલાએ પહેલા તેના ત્રણ સગીર બાળકોની હત્યા કરી અને પછી ફાંસી લગાવીને આત્મહત્યા કરી લીધી. એવું જાણવા મળ્યું છે કે મહિલાના પતિનું લગભગ ચાર વર્ષ પહેલા મૃત્યુ થયું હતું. તે તેની સાસુ અને ત્રણ બાળકો સાથે ભાડાના ઘરમાં રહેતી હતી. મૃતકોમાં બે પુત્રીઓ અને દોઢ વર્ષનો પુત્ર શામેલ છે. આ ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં શોક છવાઈ ગયો છે.ઘટનાની માહિતી મળતાં, સિટી-૨ પોલીસ સ્ટેશનની પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને ચારેય મૃતદેહોનો કબજો લીધો અને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા. પોલીસના જણાવ્યા અનુસાર, પ્રાથમિક તપાસમાં એવું જણાય છે કે બાળકોને પહેલા ઝેર આપવામાં આવ્યું હતું અને પછી ગળું દબાવીને હત્યા કરવામાં આવી હતી. ત્યારબાદ મહિલાએ ફાંસી લગાવીને આત્મહત્યા કરી હતી. જોકે, પોલીસનું કહેવું છે કે મૃત્યુનું વાસ્તવિક કારણ પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને ફોરેન્સિક તપાસ પછી જ નક્કી થશે.

## વિંછીયામાં મહિલા પાસે પઠાણી ઉઘરાણી કરી વ્યાજખોરે ધમકી દીધી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

વિંછીયામાં બોટાદ રોડ પર રહેતા મધુબેન વલ્લભભાઈ પાટડીયા ઉ.૪૦એ બિમારીની સારવાર માટે વ્યાજે લીધેલા નાણાં વ્યાજ સહિત રૂા.૬૬ હજાર ચુકવ્યા છતાં પઠાણી ઉઘરાણી કરી ધમકી આપનાર વ્યાજખોર કનુ ભીખાભાઈ રાવલ સામે વિંછીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.વિંછિયામાં વ્યાજખોર બેફામ બન્યો હતો. મહિલાએ બીમારીની સારવાર માટે પાડોશમાં રહેતા શખસ પાસેથી રૂ.૧૫ હજાર વ્યાજે લીધા હતા. જેના બદલામાં રૂ.૬૬ હજાર ચૂકવી દીધા છતાં આ શખ્સ ચાર મહિનાના વ્યાજની ઉઘરાણી કરી મહિલાએ ગીરવે મૂકેલા દાગીના પડાવી લીધા હતા. એટલું જ નહીં જો વ્યાજની રકમ નહીં ચૂકવે તો ટાંટીયા ભાંગી નાખવાની ધમકી આપી હતી.ફરિયાદમાં મધુબેને જણાવ્યું કે, ૨૦૨૨માં તેણે બીમારીની સારવાર માટે પૈસાની જરૂર પડતાં પાડોશી કનુ રાવલ | પાસેથી રૂા.૧૫૦૦૦ વ્યાજે લીધા હતા. તેની સામે તેણે સોનાની બુટી અને ચાંદીના છડા ગીરવે રાખી રૂપિયા આપ્યા હતા તેણે તેને વ્યાજસહિત ૬૬ હજાર ચૂકવી દીધા હતા. છતાં તે તેના ઘરે આવી અવારનવાર વધુ વ્યાજની ઉઘરાણી કરી ગાળો ભાંડી જાનથી મારી નાખવાની ધમકી આપતો હતો.


# રૂ.2.50 કરોડની કથિત ઠગાઈ કેસમાં મહિલા આરોપીને જામીન

## » ચાર્જશીટ પહેલાં તપાસના તબક્કે રાહત; સગર્ભા હોવા સહિતની દલીલો ધ્યાને લઈ સેશન્સ કોર્ટે શરતી જામીન મંજૂર કર્યા

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના ગાંધીગ્રામ-૨ (યુનિ.) પોલીસ મથકમાં નોંધાયેલા અંદાજે રૂ.૨.૫૦ કરોડની કથિત છેતરપિંડીના ગંભીર કેસમાં રાજકોટની નામદાર સેશન્સ કોર્ટે મહત્વપૂર્ણ નિર્ણય આપતા મહિલા આરોપી દીપાબેન રાજેશભાઈ મારૂને ચાર્જશીટ દાખલ થાય તે પહેલાં જ શરતી નિયમિત જામીન મંજૂર કર્યા છે. આ નિર્ણય કાયદાકીય દ્રષ્ટિએ નોંધપાત્ર માનવામાં આવી રહ્યો છે.

ફરિયાદી કરણરાજસિંહ યોગેન્દ્રસિંહ ઝાલાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપી દીપાબેન તથા આશિષભાઈ દેથલીયાએ જમીનની દલાલીમાંથી મોટી રકમનો નફો અપાવવાની લાલચ આપી વિશ્વાસ કેળવ્યો હતો. ફરિયાદીનો આક્ષેપ છે કે, વિવિધ હપ્તામાં લોન, ક્રેડિટ કાર્ડ અને સોનાના દાગીના ગીરવે મૂકી કુલ રૂ.૨,૪૯,૭૦,૧૦૧ જેટલી મોટી રકમ મેળવ્યા બાદ આરોપીઓએ તે પરત કરી નહોતી. આ સમગ્ર વ્યવહાર વિશ્વાસઘાત અને છેતરપિંડીનો હોવાનું ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ મામલે પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૬(૫), ૩૧૮(૪), ૬૧ (૨) (એ) અને ૩૧૯ (૨) હેઠળ ગુનો નોંધી બંને આરોપીઓની ધરપકડ કરી હતી.



એડવોકેટ ભગીરથસિંહ ડોડીયા

જામીન અરજી દરમિયાન બચાવ પક્ષે વિગતવાર રજૂઆત કરી હતી કે ફરિયાદ લાંબા સમય બાદ નોંધાવવામાં આવી છે અને અગાઉ પોલીસ દ્વારા કરવામાં આવેલી તપાસ દરમિયાન કોઈ ગુનો નોંધાયો ન હતો. ઉપરાંત સમગ્ર વ્યવહારમાં અનેક શંકાસ્પદ પાસાં હોવાનું પણ રજૂ કરવામાં આવ્યું હતું. બચાવ પક્ષે વધુમાં દલીલ કરી હતી કે મહિલા આરોપી ત્રણ મહિનાની સગર્ભા હોવાથી જેલમાં આરોગ્ય સંબંધિત મુશ્કેલીઓ ઊભી થઈ શકે છે અને તેઓ ભાગી જવાની શક્યતા પણ નથી, તેથી માનવતાવાદી દ્રષ્ટિકોણથી તેમને જામીન આપવામાં આવવા જોઈએ.

બંને પક્ષોની દલીલો, પોલીસ તપાસના દસ્તાવેજો તેમજ ગુજરાત હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના સંબંધિત ચુકાદાઓને ધ્યાનમાં રાખીને રાજકોટની નામદાર સેશન્સ કોર્ટે દીપાબેન રાજેશભાઈ મારૂને શરતી નિયમિત જામીન પર મુક્ત કરવાનો હુકમ કર્યો છે. આ નિર્ણયથી કેસમાં આગળની કાર્યવાહી માટે નવી દિશા મળી શકે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

આ કામમાં રાજકોટના પખર ધારાશાસ્ત્રી ભગીરથસિંહ ડોડીયા, ખોડુભા સાકરીયા, મીલન જોષી, જયવિર બારૈયા, દિષ પી. વ્યાસ, રવિરાજસિંહ જાડેજા, જયપાલસિંહ સોલંકી, સાગરસિંહ પરમાર, એડવોકેટ તરીકે રોકાયેલ હતા.

### એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટનો મહત્વપૂર્ણ ચુકાદો

# રૂ.15.99 લાખના બે ચેક રિટર્ન કેસમાં આરોપીઓ નિર્દોષ જાહેર

## » લેણું વિપુલ હીરપરા પાસે હોવાનું રેકોર્ડ પર સ્પષ્ટ થયું; ચેકધારકો સામે કેસ ટકી શક્યો નહીં, બંને આરોપીઓને નિર્દોષ ઠરાવાયા

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટની એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની અદાલતે રિદ્ધિ સિદ્ધિ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના સંચાલક હર્ષદ દામોદરભાઈ ઘોરડા દ્વારા દાખલ કરાયેલા રૂ.૯,૯૯,૬૮૫ અને રૂ.૬,૦૦,૦૦૦ના બે ચેક રિટર્ન કેસમાં આરોપી દિવ્યેશ રસિકલાલ કથીરિયા અને અલ્પેશ પરસોત્તમભાઈ દોમડીયાને નિર્દોષ જાહેર કરી છોડી મુકવાનો મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે.

કેસની વિગત મુજબ, ફરિયાદી હર્ષદ ઘોરડાએ આરોપ મૂક્યો હતો કે ઓયો હોલીડિઝ સાથે સંકળાયેલા વિપુલ હીરપરા તથા અન્ય આરોપીઓએ ટ્રાવેલ બુકિંગના વ્યવહારમાં બાકી રહેલી રકમ ચૂકવવા માટે ચેક આપ્યા હતા, પરંતુ બંને ચેક રિટર્ન થતાં કોર્ટમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.



એડવોકેટ સુરેશ ફળદુ

ટ્રાયલ દરમિયાન બચાવ પક્ષના એડવોકેટ સુરેશ ફળદુએ દલીલ કરી હતી કે ફરિયાદીનું વાસ્તવિક લેણું વિપુલ હીરપરા પાસે હતું અને દિવ્યેશ કથીરિયા તથા અલ્પેશ દોમડીયા સાથે કોઈ સીધો વ્યવસાયિક વ્યવહાર કે નાણાકીય જવાબદારી નહોતી. ઉલટતપાસ દરમિયાન ફરિયાદીએ પણ દસ્તાવેજોના આધારે સ્વીકાર્યું હતું કે વ્યવહાર વિપુલ હીરપરા સાથે થયો હતો અને બંને આરોપીઓનો તેમાં કોઈ સીધો સંબંધ નહોતો. બચાવ પક્ષે વધુમાં રજૂઆત કરી હતી કે સંબંધિત ચેકોનો કથિત રીતે દુરુપયોગ કરવામાં આવ્યો હતો અને માત્ર ચેક પર સહી હોવાના આધારે આરોપીઓને દોષિત ઠેરવી શકાય નહીં. આ માટે ઉચ્ચ અદાલતોના વિવિધ મહત્વપૂર્ણ ચુકાદાઓનો પણ આધાર લેવામાં આવ્યો હતો.

રેકોર્ડ પર રહેલા મૌખિક તથા દસ્તાવેજી પુરાવા, ઉલટતપાસ દરમિયાન બહાર આવેલી હકીકતો તેમજ સમગ્ર કેસની પરિસ્થિતિને ધ્યાનમાં લઈ અદાલતે ફરિયાદી આરોપીઓ સામે કાયદેસર જવાબદારી સાબિત કરવામાં નિષ્ફળ રહ્યા હોવાનું માની દિવ્યેશ કથીરિયા અને અલ્પેશ દોમડીયાને બંને કેસમાં નિર્દોષ જાહેર કર્યા હતા.

ઉપરોક્ત કામના શ્રીજી પ્રસાદમવાળા આરોપીઓ દિવ્યેશ કથીરીયા તથા અલ્પેશ દોમડીયા વતી રાજકોટના જાણીતા એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટીયા, જસ્મીન દુધાગરા, જય પીઠવા, યુવરાજ વેકરીયા, ભાવીન ખુંટ, સાહીલ કંટારીયા તથા મદદમાં નીરવ દોંગા, આર્યન કોરાટ, જયમલ મકવાણા, રાહીલ ફળદુ રોકાયેલ હતા.



# સાંસદના ઘરે રેડમાં મળ્યા સોનાના અન્ડરગારમેન્ટ્સ !

## ઈરાકમાં ભ્રષ્ટાચાર વિરૂધ્ધ મોટી કાર્યવાહી

### સાંસદ આલિયા નાસિફના ઘરે દરોડામાં 1.55 કરોડ ડોલરની રોકડ સહિત કુલ 8.5 કરોડ ડોલરનો કિંમતી સામાન મળ્યો

**સિટી ન્યૂઝ@બગદાદ**

ઈરાકમાં ભ્રષ્ટાચાર વિરુદ્ધ મોટી કાર્યવાહી દરમિયાન કરોડો રૂપિયાની રોકડ, સોનું અને લક્ઝરી સામાન જપ્ત કરવામાં આવ્યો. ઈરાકી સાંસદ આલિયા નાસિફના ઘરે પડેલા દરોડામાં આશરે ૧.૫૫ કરોડ ડોલરની રોકડ, સોનાના દાગીના અને અન્ય કિંમતી સામાન મળ્યો. આમાં સોનાના રંગનો એક લોન્ઝરી સેટ પણ હતો, જેની તસવીર સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગઈ છે.

આ દરોડા ભ્રષ્ટાચારના કેસોની તપાસ હેઠળ કોર્ટના વોરંટ પર કરવામાં આવ્યા હતા. ઈરાકની કાઉન્ટર ટેરરિઝમ સર્વિસે બગદાદના ગ્રીન ઝોન સહિત અનેક સ્થળોએ એકસાથે કાર્યવાહી કરી. સાંસદ આલિયા નાસિફ અને તેમના પુત્રની અટકાયત કરવામાં આવી. આ ઉપરાંત ઘણા સાંસદો અને સરકારી અધિકારીઓની પણ પૂછપરછ કરવામાં આવી હતી. તપાસ એજન્સીઓએ વિદેશી ચલણ, સોનું અને છુપાવવામાં આવેલી અન્ય કિંમતી સંપત્તિઓ પણ જપ્ત કરી છે. અધિકારીઓના જણાવ્યા મુજબ અત્યાર સુધીમાં જપ્ત કરાયેલી કુલ સંપત્તિની કિંમત ૮.૫ .કરોડ ડોલરથી વધુ હોવાનું કહેવાય છે.





## પાકિસ્તાનમાં અનોખો પ્રસંગ

# એક સાથે ત્રણ નિકાહ પિતાના ત્રીજા, બે દિકરાઓના પહેલા નિકાહ



### ખર્ચ બચાવવા સાથે પરિવારની એકતાનો સંદેશ : સોશિયલ મીડિયા પર તસવીરો થઈ વાયરલ

**સિટી ન્યૂઝ@ક્વેટા**

સામાન્ય રીતે એક જ પરિવારના ભાઈ-બહેન અથવા નજીકના સગાંના લગ્ન એકસાથે યોજાતા હોય છે, જેથી ખર્ચમાં બચત થાય અને આખો પરિવાર એકસાથે ખુશીની ઉજવણી કરી શકે. પરંતુ પાકિસ્તાનના ક્વેટા શહેરમાં યોજાયેલા એક લગ્ન સમારોહે સૌનું ધ્યાન ખેંચી લીધું છે. અહીં એક જ મંડપમાં પિતા અને તેમના બે પુત્રોના નિકાહ એકસાથે યોજાયા હતા. ખાસ વાત એ છે કે પિતાના આ ત્રીજા લગ્ન હતા, જ્યારે બંને પુત્રો પ્રથમ વખત લગ્નના બંધનમાં બંધાયા હતા. આ અનોખા લગ્ન સમારોહમાં પરિવારજનો, મિત્રો અને સ્થાનિક લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ત્રણેય વરરાજાઓએ પરંપરાગત વેશભૂષામાં એકસાથે એન્ટ્રી કરી હતી, જેને જોઈને હાજર મહેમાનો પણ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. લગ્નની તમામ વિધિઓ એક જ સ્થળે અને એક જ સમયે પૂર્ણ કરવામાં આવી હતી, જેના કારણે સમગ્ર કાર્યક્રમ યાદગાર બની ગયો હતો. લગ્ન સમારોહની તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યા છે. દુલ્હાના વેશમાં પિતા અને બંને પુત્રોની તસવીરો જોઈને લોકો વિવિધ પ્રકારની પ્રતિક્રિયાઓ આપી રહ્યા છે. કેટલાક લોકોએ આ આયોજનને અનોખું અને વ્યવહારુ ગણાવ્યું છે, જ્યારે કેટલાક લોકો માટે પિતાના ત્રીજા અને પુત્રોના પ્રથમ નિકાહ એકસાથે થવાની ઘટના નવાઈ પમાડનારી બની છે. આ લગ્ન સમારોહ માત્ર પરિવાર માટે જ નહીં, પરંતુ સમગ્ર વિસ્તારમાં ચર્ચાનો વિષય બની ગયો છે. એક જ મંચ પરથી ત્રણ અલગ-અલગ નિકાહ પૂર્ણ થવાની ઘટના ભાગ્યે જ જોવા મળે છે. સોશિયલ મીડિયા પર લાખો લોકો આ તસવીરો શેર કરી રહ્યા છે અને આ અનોખા લગ્ન વિશે પોતાની પ્રતિક્રિયાઓ વ્યક્ત કરી રહ્યા છે.



**સિટી ન્યૂઝ**
સૌરાષ્ટ્રનો ધબકાર...

## તમારી સમસ્યા હવે છુપાશે નહીં!

## તમારી કોલોની – તમારો વોર્ડ – તમારો હક

**લાઈટ બંધ રહે છે?**



**ગંદુ પાણી આવે છે?**



**રસ્તા તૂટેલા છે?**



**ગંદકી અને સફાઈની સમસ્યા છે?**



હવે સીધી ફરિયાદ કરો – "સિટી ન્યૂઝ રાજકોટ" સુધી!

તમારી સમસ્યાનો ફોટો / વિડિયો મોકલો

અમે તેને સંબંધિત અધિકારીઓ સુધી પહોંચાડશું

**ચૂંટણી હોય કે ન હોય – "સિટી ન્યૂઝ" હંમેશાં રાજકોટની પડખે!**



WhatsApp કરો:
**+91 81409 88883**

રાજકોટ

**સ્વચ્છ અને સુવિધાયુક્ત રાજકોટ માટે આપનો સહકાર જરૂરી**


તસ્વીર : અક્ષય ગોંડલીયા




# લક્ષ્મીનગર સ્થિત PGVCL કોર્પોરેટ ઓફિસમાં શોર્ટ સર્કિટથી આગ

## ફાયર બ્રિગેડે સમયસર કાબૂ મેળવ્યો; કોઈ જાનહાનિ નહીં, મોટું નુકસાન ટળ્યું

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના લક્ષ્મીનગર વિસ્તારમાં આવેલી પીજીવીસીએલ (PGVCL)ની કોર્પોરેટ ઓફિસમાં શુક્રવારે શોર્ટ સર્કિટના કારણે આગ લાગવાની ઘટના બની હતી. આગ લાગતા ઓફિસમાં અફરાતફરી મચી ગઈ હતી અને ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી.

ફાયર વિભાગના જવાનોએ ઝડપી કામગીરી હાથ ધરી આગ પર કાબૂ મેળવી લીધો હતો. સમયસર આગ કાબૂમાં આવી જતાં મોટી જાનહાનિ તેમજ વ્યાપક નુકસાન ટળી ગયું હતું.

પ્રાથમિક માહિતી મુજબ આગ શોર્ટ સર્કિટના કારણે લાગી હોવાનું સામે આવ્યું છે. આગ લાગવાના ચોક્કસ કારણો અને નુકસાન અંગે સંબંધિત વિભાગ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

# બેડી-સોખડા ચોકડી વચ્ચે બંધ ટ્રક પાછળ બાઈક ઘુસી જતા યુવકનું મોત

## શુક્લ પીપળીયાના આશાસ્પદ યુવકના મોતથી કોળી પરિવારમાં કલ્પાંત

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ-મોરબી હાઇવે પર બેડી ચોકડીથી સોખડા ચોકડી તરફના રસ્તે પૂલ પાસે રાત્રે બંધ પડેલા ટ્રક પાછળ બાઇક અથડાતાં બાઇકચાલક શુકલપીપળીયા ગામના યુવાનનું ગંભીર ઇજાઓ થતાં મોત નિપજ્યું છે યુવાન કોઇ કામ માટે રાજકોટ આવ્યો હતો અને રાતે પરત ઘરે જતો હતો ત્યારે રસ્તામાં આ કરુણાંતિકા સર્જાઈ હતી.

સોખડા નજીક શુકલપીપળીયા ગામે રહેતો કરણ મહેશભાઇ સરવૈયા ઉ.૨૦ નામનો યુવાન રાત્રે બાઇક લઇને રાજકોટથી તેના ઘરે શુકલપીપળીયા તરફ જઇ રહ્યો હતો ત્યારે બેડી ચોકડીથી સોખડા ચોકડી વચ્ચે પૂલ પાસે પહોંચ્યો ત્યારે ટ્રક ઉભો હોઇ તેની પાછળ બાઇક અથડાતાં પોતે રોડ પર ફંગોળાઇ ગયો હતો. જેના કારણે ગંભીર ઇજાઓ પહોંચી હતી બનાવને પગલે લોકો એકઠા થઇ જતાં કરણને ૧૦૮ મારફત સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ તેનું વહેલી સવારે મૃત્યુ થયું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં કુવાડવા રોડ પોલીસનો સ્ટાફ દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી હતી. બનાવની જાણ થતાં જ પરિવારજનો પણ હોસ્પિટલે દોડી આવ્યા હતા મૃતક કરણ બે ભાઇમાં નાનો હતો અને બંગડીના કારખાનામાં કામ કરતો હતો કરણ રાત્રે બાઇક લઇ રાજકોટ કામ માટે આવ્યો હતો પરત ઘરે જતી વખતે આ બનાવ બન્યો હતો. યુવાન દિકરાના મોતથી પરિવારમાં કલ્પાંત સર્જાયો છે.

# કંસારા બજારમાં મોડીરાત્રે તસ્કરોનો તરખાટ અગાશીથી ઘૂસી દુકાનમાં 4.79 લાખની ચોરી

સિટી ન્યૂઝ@રાજકોટ

## » દરવાજો તોડી રોકડા, ચાંદી-પીતળના વાસણો તફડાવ્યા; ભાગતા ચાર તસ્કરોને RMCના ડ્રાઈવરે જોયા

રાજકોટના કંસારા બજારમાં આવેલી એક પેઢીમાં અગાશી મારફતે ઘૂસી તસ્કરોએ રોકડ સહિત કુલ રૂ.૪.૭૯ લાખની ચોરી કરી ફરાર થઈ જતાં એ-ડિવિઝન પોલીસે ચાર અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

મારુતિનગરમાં રહેતા અને કંસારા બજાર પાછળ ત્રિભુવનદાસ દામોદરદાસ શેઠ પેઢી ચલાવતા સચીનભાઈ રસીકલાલ શેઠ (ઉં.૪૫)એ ફરિયાદમાં જણાવ્યું કે ગત રાત્રે તેમના સગા દિલીપભાઈનો ફોન આવ્યો હતો. આરએમસીના કચરાપેટીના ડ્રાઈવર પિન્ટુભાઈ ગોહીલે ચાર શખ્સોને દુકાન પાસેથી ભાગતા જોયા હોવાનું જણાવ્યું હતું.

સચીનભાઈ દુકાને પહોંચતા બે માળની દુકાનમાં સામાન વેરવિખેર હાલતમાં જોવા મળ્યો હતો. તપાસમાં કાઉન્ટરમાંથી રૂ.૧.૫૨ લાખની રોકડ ગાયબ હતી. ઉપરના માળેથી ચાંદી, જર્મન સિલ્વર, પીતળ અને તાંબાના વાસણો સહિત વિવિધ સામાનની ચોરી થઈ હોવાનું બહાર આવ્યું હતું.

ચોરાયેલા માલની કિંમત રૂ.૩,૨૭,૨૫૦ તથા રોકડ રૂ.૧.૫૨ લાખ મળી કુલ રૂ.૪,૭૯,૨૫૦ની ચોરી થઈ હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ કરી છે.

# વાંકાનેરમાં ડિગ્રી વગર દવાખાનું ચલાવતો બોગસ ડોક્ટર ઝડપાયો

સિટી ન્યૂઝ@મોરબી



મોરબી જિલ્લાના વાંકાનેરમાં લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતો વધુ એક કથિત બોગસ ડોક્ટર પોલીસના હાથે ઝડપાયો છે. વાંકાનેર સિટી પોલીસે ગુલશન પાર્ક સોસાયટીમાં દરોડો પાડી કોઈપણ માન્ય તબીબી લાયકાત વગર ક્લિનિક ચલાવતા રાજસ્થાનના એક શખ્સની અટકાયત કરી છે.

પોલીસ પેટ્રોલિંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. બાતમી મુજબ એક વ્યક્તિ ડોક્ટરની ડિગ્રી વગર દર્દીઓને દવા અને ઈન્જેક્શન આપી ગેરકાયદેસર રીતે મેડિકલ પ્રેક્ટિસ કરતો હોવાનું જાણવા મળતાં પોલીસે તાત્કાલિક ક્લિનિક પર દરોડો પાડ્યો હતો.

દરોડા દરમિયાન મૂળ રાજસ્થાનનો અને હાલ વાંકાનેરના ગુલશન પાર્ક સોસાયટીમાં રહેતો જાકીરખાન બસીરખાન પઠાણ (ઉં.વ. ૪૦) મળી આવ્યો હતો. પોલીસે તેની પાસે તબીબી પ્રેક્ટિસ માટેની માન્ય ડિગ્રી અને જરૂરી નોંધણીના દસ્તાવેજો માંગતાં તે રજૂ કરી શક્યો ન હતો.


પોલીસે સ્થળ પરથી એલોપેથી દવાઓ, ઈન્જેક્શન તથા તબીબી સાધનો સહિત અંદાજે રૂ.૩,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ મામલે વાંકાનેર સિટી પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા (BNS) તથા ગુજરાત મેડિકલ પ્રેક્ટિસ એક્ટની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી આરોપીની અટકાયત કરી આગળની તપાસ હાથ ધરી છે.

આ કાર્યવાહી બાદ ડિગ્રી વગર મેડિકલ પ્રેક્ટિસ કરતા અન્ય કથિત બોગસ તબીબોમાં પણ ફફડાટ ફેલાયો હોવાનું જાણવા મળ્યું છે.


# જ્યારે સમય સારો હોય ત્યારે ત્યારે તેની ઝડપ ખુબ લાગે અને જ્યારે ખરાબ સમય ચાલતો હોય ત્યારે સમયની ગતિ ધીમી થાય




ગોપાલની રજા પંદર દિવસની હતી. પંદર દિવસ કેવી રીતે પસાર થઈ ગયા; એની ગોપાલને ખબર જ ન પડી. આજે ગોપાલને જેલમાં પાછા જવાનું હતું. જોકે આ પંદર દિવસે તેને ઘણા પાઠ શીખવાડી દીધા હતા. ખાસ તો માણસને ઓળખી શકવા, એ આવડત ખૂબ જ અગત્યની હોય છે. ગોપાલ જેમને પોતાના સમજતો હતો; તેવા મિત્રો અને સંબંધીઓ તેને મળવાનું ટાળી રહ્યા હતા. જેઓ મળી રહ્યા હતા તે પણ; જાણે પ્રાણી સંગ્રહાલયના કોઈ પ્રાણીને જોઈ રહ્યા હોય, તેવી કૌતુકભરી નજરે જોતા હતા. ગોપાલને રજા પર આવવાનું ખાસ કારણ તો એ હતું કે, તેને પાલનપુર કોર્ટ દ્વારા જે સજા કરવામાં આવી હતી, એની સામે એને હાઇકોર્ટમાં અપીલ કરવાની હતી.અપીલ કરવા માટે એ કેટલાક વકીલોને મળ્યો પણ હતો. પહેલાં તો વકીલોની ફી સાંભળીને જ એને આઘાત લાગતો હતો. એક ચાંપાનેરી સાહેબે એની અપીલ દાખલ કરવાની અને કેસ ચલાવવાની એક લાખ રૂપિયા ફી કહી. આમ તો એક લાખ પણ ગોપાલ માટે બહુ મોટી રકમ હતી. પણ બીજા વકીલોની સરખામણીએ ચાંપાનેરી સાહેબની ફી ઓછી હતી.ગોપાલને પોતાના કેટલાક મિત્રો અને સંબંધીઓ પર ભરોસો હતો. એ તે બધાની પાસે ગયો. પણ બધા તેને પૈસા ન આપવા માટે જુદા જુદા કારણ આપતા હતા. જેમ કે, હમણા પૈસા નથી, થોડા દિવસ પછી કદાચ થઈ શકે, વગેરે. ગોપાલને સમજાતું હતું કે, કોઈપણ વ્યક્તિ મને આર્થિક મદદ કરતાં પહેલાં એટલું તો વિચારે જ કે, ગોપાલ ક્યારે અને કેવી રીતે પૈસા પાછા આપી શકશે? જોકે એનો જવાબ તો ખુદ ગોપાલ પાસે પણ નહોતો. આવી સ્થિતિમાં મદદ કરવા કોણ થાય?"એક વકીલને મળવા જાઉં છું" એવું કહીને ગોપાલ નીકળ્યો.મમ્મીને ખબર હતી કે, કોર્ટમાં પૈસા વગર કંઈ થતું નથી. ગોપાલની મમ્મી ભણેલી નહોતી, પણ ગોપાલ જેલમાં હતો ત્યારે; કોર્ટ અને પોલીસસ્ટેશનના ધક્કા ખાવાને કારણે તેને સમજાઈ ગયું હતું કે, દુનિયા કઈ રીતે ચાલે છે! એટલે મમ્મીએ ઘઉંના પીપળામાં એક થેલીમાં સંતાડી રાખેલા પાંચ હજાર રૂપિયા ગોપાલના હાથમાં મૂકતાં કહ્યું, "બેટા, કોર્ટ કચેરીના ચક્કરમાં પૈસા તો જોઈએ જ. પૈસા વગર આપણો હાથ કોઈ પકડતું નથી. આ પૈસા રાખ."તેમ કહી પાંચ હજાર રૂપિયા ગોપાલને આપ્યા. ગોપાલે તેની પાસે રહેલા પાંચ હજાર ચાંપાનેરી સાહેબને તરત આપી દીધા. જોકે હાઇકોર્ટમાં પ્રેક્ટિસ કરતાં ચાંપાનેરી સાહેબે ગોપાલની વાત સાંભળીને કહ્યું, "પૈસાની ચિંતા કરીશ નહીં. આ પાંચ પણ તારે હમણાં જરૂર હોય તો રાખ. પછી આપજે."સાહેબની વાત સાંભળ્યા પછી પણ ગોપાલે પાંચ હજાર તો આપી જ દીધા. બાકીના પૈસાની વ્યવસ્થા કેવી રીતે અને ક્યારે થશે? એની ગોપાલને પણ ખબર નહોતી. એ જ્યાં પણ ગયો, ત્યાંથી તેને નકારાત્મક જવાબ જ મળ્યો. ગોપાલની સ્થિતિ નિશીને સમજાતી હતી. ક્યારેક તેને થતું કે, એના પપ્પાને કહીને થોડા પૈસાની વ્યવસ્થા કરી આપે; પણ પછી પપ્પાનો સ્વભાવ યાદ આવી જતો. એટલે તે માંડી વાળતી હતી.ગોપાલના પપ્પાએ પણ હમણાં પ્લાસ્ટિકની વસ્તુઓની ફેરી શરૂ કરી હતી. પપ્પા પાસે પણ કોઈ વ્યવસ્થા થવાની શક્યતા નહોતી. નિશી આ બધો વિચાર કરી રહી હતી ત્યારે, એનો હાથ પોતાનાં ગળા પર ગયો. એનાં ગળામાં સોનાની એક પાતળી ચેઈન હતી. એને વિચાર આવ્યો કે, જો એ ગોપાલને કોઈ રીતે મદદ ન કરી શકે; તો આ ચેઈનનો શું અર્થ! તે બજારમાં ગઈ અને પોતાની સોનાની ચેઈન વેચી દીધી. તેમાંથી આવેલા ત્રીસ હજાર તેણે ગોપાલના હાથમાં મૂક્યા. આટલી મોટી રકમ જોઈને ગોપાલને આશ્ચર્ય થયું. તેણે નિશીને પૂછ્યું "આટલી મોટી રકમ ક્યાંથી આવી?"નિશીએ પણ કંઈ સંતાડ્યું નહીં. બધું જ સાચું કહી દીધું. ગોપાલની આંખોમાં આંસુ આવી ગયા. નિશીએ એને શાંત કર્યો. ગોપાલે કહ્યું, "લગ્ન પછી મેં તો તને કોઈ દાગીનો લઈ આપ્યો નથી. તારાં મમ્મીનાં ઘરેથી આવેલી ચેઈન પણ વેચી નાખી!"નિશીએ એટલું જ કહ્યું, "મારા માટે તું મહત્ત્વનો છે."ગોપાલ કંઈ બોલી શક્યો નહીં. એ તરત વકીલ ચાંપાનેરી સાહેબની ઓફિસે ગયો અને ત્રીસ હજાર રૂપિયા આપી આવ્યો. ચાંપાનેરી સાહેબે કહ્યું, "તારી અપીલ તો હું હાઇકોર્ટમાં કરી દઈશ, પણ બે વર્ષ પહેલાં તારો કેસ બોર્ડ ઉપર આવવાની કોઈ શક્યતા દેખાતી નથી."ગોપાલ કંઈ જ બોલ્યો નહીં. કારણ કે તેને તેમાં ખબર પણ પડતી નહોતી. કોર્ટની પ્રક્રીયા પણ એના વિષય બહારની વાત હતી. ચાંપાનેરી સાહેબે પોતાના જુનિયરને બોલાવીને કોર્ટમાં અપીલ કરવા માટેનું ગોપાલનું એક સોગંદનામું કરાવ્યું. જેમાં લખાણ તો બધું વકીલે કર્યું હતું, માત્ર સહિ જ ગોપાલની હતી. સોગંદનામામાં શું લખ્યું છે, એ સમજાવતાં ચાંપાનેરી સાહેબે ગોપાલને કહ્યું, "પોલીસે તારી પર ખોટો કેસ કર્યો છે. તારી પાસેથી મળેલી બનાવટી નોટ તારી દુકાને આવેલા કોઈ ગ્રાહકે આપી હતી. આ નોટ અંગે તું કંઈ જાણતો નહોતો. વગેરે... વગેરે."ગોપાલ માત્ર માથું હલાવીને હા પાડતો અને વકીલ સાહેબ કહે ત્યાં સહીઓ કરતો હતો. કારણ કે બધા જ કાગળો અંગ્રેજી ભાષામાં હતા.આજે ગોપાલને જેલમાં પાછા જવાનું હતું. ઘરના માહોલમાં એકદમ ગમગીની છવાયેલી હતી. મમ્મી તો છેલ્લા બે દિવસથી રડી રહી હતી. પપ્પા પણ કંઈ બોલતા નહોતા. એમના ચહેરાના હાવભાવ ચાડી ખાતા હતા કે, એ એકદમ નોર્મલ હોવાનો ડોળ કરી છે. નિશી પણ શાંત હતી.આ માહોલ વચ્ચે ગોપાલને મળવા રાકેશ પણ ઘરે આવ્યો. ગોપાલે એની સાથે વાત કરવાનો પ્રયત્ન કર્યો; પણ રાકેશનો ગુસ્સો હજી એવો જ હતો. તેણે અમદાવાદની એક કંપનીમાં નોકરી શરૂ કરી દીધી હતી. ગોપાલે તેને પૂછ્યું, "તું જેલ પર મળવા કેમ નથી આવતો?"તેણે ગોપાલની આંખમાં જોયું અને પૂછ્યું, "તું કંઈ સ્વતંત્રતા સેનાની છે? દેશ માટે જેલમાં ગયો છે?"ગોપાલ પાસે એના સવાલોનો કોઈ જવાબ નહોતો. રાકેશ ભલે એના પર ગુસ્સે હતો, પણ ઘરની સંભાળ તો રાખતો હતો. એ તેનો મોટો ઉપકાર હતો. તે દિવસે પણ ગોપાલની મમ્મીએ એને કહ્યું, "રાકેશ, અહીં જ જમીને જજે."બધાં સાથે જમવાં બેઠાં. કારણ, ત્યાર પછી ગોપાલને જેલ પર હાજર થવા જવાનું હતું. મમ્મીએ ગોપાલ માટે ખાસ લાપસી બનાવી હતી. લાપસીનો કોળિયો હાથમાં લેતાં જ ગોપાલને યાદ આવ્યું, આજે સાંજે જેલમાં પાછો જતો રહીશ. પછી તો આવું જમણ એક સ્વપન જ બની જશે. બસ, જેલની પેલી જાડી, બળેલી ને કાચી રોટલીઓ, કાચા પાકા ભાત, પાણી જેવી દાળ અને સ્વાદ વગરનાં શાકથી પાછું પેટ ભરવું પડશે.ગોપાલને પણ રડવું હતું; પણ તેને લાગ્યું કે, જો હું રડીશ તો આખું ઘર રડવા લાગશે. એટલે તે ચુપચાપ જમવા લાગ્યો. આવું જ દ્વંદ્વ લગભગ બધાનાં મનમાં ચાલી રહ્યું હતું. દરેક જણ પોતાની સાથે વાત કરી રહ્યાં હતાં. બસ એકબીજાની સામે માત્ર નજર જ હતી. મમ્મીનું ધ્યાન ગોપાલ અને રાકેશની થાળી તરફ હતું. મમ્મી જમવામાં ઓછું અને પીરસાવામાં વધારે ધ્યાન આપતી હતી.બધાં જમીને ઊભા થયાં. ગોપાલ જેલ પર જવા નીકળ્યો. નિશી તેને વળગીને રોવા લાગી. તેણે કહ્યું, "હું તને જેલમાં મૂકવા નહીં આવું. કારણ, હું તેને જેલના દરવાજામાં જતાં જોઈ શકીશ નહીં."મમ્મી અને પપ્પાની આંખો પણ ભરાઈઆવી હતી. રાકેશે બધાંને સંભાળી લેતાં કહ્યું, "હું જઈશ ગોપાલને મૂકવા. ગોપાલે રાકેશ સામે જોયું. આટલા સમય પછી પહેલી વખત રાકેશ જેલ ઉપર આવી રહ્યો હતો. મમ્મી, પપ્પા અને નિશી ફ્લેટમાં નીચે સુધી આવ્યાં. જે પાડોશીને મમ્મીએ કહ્યું હતું કે, ગોપાલ મુંબઈ નોકરી કરે છે; તે પાડોશીએ જ્યારે ગોપાલને જતાં જોયો ત્યારે પૂછ્યું, "મુંબઈ જાય છે?"મમ્મીએ આંસુ લૂછતાં કહ્યું, "હા."પાડોશીએ કહ્યું, "અરે, તેમાં રડો છો શું કામ? મુંબઈ તો આ રહ્યું. પાંચ કલાકમાં ત્યાં પહોંચી જશે. ક્યારેક તમે પણ જઈ આવજો."બધાં ફટાફટ સીડીઓ ઉતરી ગયાં. કારણ, તેમની પાસે પાડોશીની વાતનો કોઈ જવાબ નહોતો. રાકેશે પોતાની મોટર સાયકલ સ્ટાર્ટ કરી અને ગોપાલ તેની પાછળ બેસી ગયો. તેણે બધાને આવજો કહ્યું. રાકેશનું બાઇક ન્યૂરાણીપથી સાબરમતી જેલ તરફ જવાના રસ્તા પર દોડવાં લાગ્યું. ગોપાલની ઈચ્છા હતી કે, પાછળ ફરીને એક વખત મમ્મી, પપ્પા અને નિશીને જોઈ લે, પણ તેની પાછળ જોવાની હિંમત થઈ નહીં.બાઇક પર તો ગોપાલ અને રાકેશ વચ્ચે કોઈ સંવાદ ન થયો. જેલ ઉપર પહોંચતાં જ રાકેશે બાઇક પાર્ક કર્યું અને ગોપાલ સામે જોયું. ગોપાલ તેને ભેટી પડ્યો. રાકેશે માત્ર એટલું જ કહ્યું, "ઘરનું ધ્યાન હું રાખીશ. તું તારું ધ્યાન રાખજે."ગોપાલ ચાલતો ચાલતો જેલના દરવાજા તરફ આગળ વધ્યો. રાકેશ તેને દૂરથી અંદર જતો જોઈ રહ્યો. ગોપાલ જેલના તોતિંગ દરવાજામાં દાખલ થયો. રાકેશે આંખનાં ખૂણા લૂંછ્યા અને બાઇક સ્ટાર્ટ કરીને યુટર્ન લીધો.(ક્રમશઃ)



પ્રશાંત દયાળ



# કાશ્મીરી ધર્મગુરૂ આગા સૈયદને દિલ્હી એરપોર્ટ પર ઈરાન જતા રોક્યા

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

આગા સૈયદ હસન મૌસાવીના પુત્ર અને મહેબૂબા મુફ્તીની પાર્ટી, પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (PDP) ના ધારાસભ્ય આગા મુન્તઝીર મેહદીએ આ સમગ્ર ઘટના અંગે સનસનીખેજ દાવો કર્યો છે. તેમના જણાવ્યા મુજબ, ગુરુવારે (૨ જુલાઈ) જ્યારે તેમના પિતા ઈરાન જવા માટે દિલ્હી એરપોર્ટ પર પહોંચ્યા ત્યારે ઈમિગ્રેશન અધિકારીઓએ તેમને અટકાવ્યા હતા. મૌસાવીને આ અંતિમ સંસ્કારમાં સામેલ થવા માટે ઈરાન સરકાર તરફથી સત્તાવાર અને માનદ આમંત્રણ મળ્યું હતું.

ધારાસભ્ય આગા મુન્તઝીર મેહદીના દાવા પ્રમાણે, નવી દિલ્હીમાં ઈમિગ્રેશન અધિકારીઓએ તેમના પિતા સમક્ષ ઈરાન જવા માટે કેટલીક આકરી શરતો મૂકી હતી. અધિકારીઓએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે આગા હસન ફક્ત ત્યારે જ તેહરાન જઈ શકે છે જો તેઓ ત્યાં જઈને ભારતના સત્તાવાર ભૌગોલિક-રાજકીય વલણ વિરુદ્ધ કોઈ નિવેદનબાજી ન કરે અથવા કાશ્મીરમાં તાજેતરમાં થયેલી ધરપકડો અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ અંગે આંતરરાષ્ટ્રીય મંચ પર કોઈ ચર્ચા ન કરે.

મુન્તઝીરના જણાવ્યા અનુસાર, તેમના પિતા આગા હસને દિલ્હીમાં હાજર સુરક્ષા અને ઈમિગ્રેશન અધિકારીઓને ખાતરી આપી હતી કે તેઓ કોઈ રાજકીય એજન્ડા સાથે ત્યાં જઈ રહ્યા નથી. તેઓ માત્ર આયાતુલ્લાહ ખામેનીના અંતિમ સંસ્કારમાં એક ધાર્મિક નેતા તરીકે હાજરી આપવાના છે અને ત્યાં કોઈ ભાષણ આપવાના નથી. આમ છતાં, તેમણે રાષ્ટ્રીય હિતો અને શરતોના કાગળો પર સહી કરવાનો અથવા સત્તાવાળાઓની શરતોનું આંધળું પાલન કરવાનો ઈનકાર કરી દીધો હતો.

અહેવાલો અનુસાર, આ વિવાદ વધતા ઈમિગ્રેશન બ્યુરોના વરિષ્ઠ અધિકારી અજય સિંહ દ્વારા તાત્કાલિક એક સત્તાવાર મેમો જારી કરવામાં આવ્યો હતો. આ મેમો હેઠળ આગા સૈયદ હસન મુસાવીનો પાસપોર્ટ અને ટ્રાવેલ દસ્તાવેજો સ્થળ પર જ જપ્ત કરી લેવાયા હતા અને વધુ કાયદાકીય તપાસ અને જરૂરી કાર્યવાહી માટે શ્રીનગર સ્થિત પ્રાદેશિક પાસપોર્ટ ઓફિસને મોકલી આપવામાં આવ્યા છે.

અત્રે નોંધનીય છે કે ઈરાન સરકાર દ્વારા સ્વર્ગસ્થ આયાતુલ્લાહ અલી ખામેનીના અંતિમ સંસ્કારમાં ભાગ લેવા માટે ભારતમાંથી ખાસ કરીને કાશ્મીરના પાંચ અગ્રણી નેતાઓને સત્તાવાર આમંત્રણ મોકલવામાં આવ્યું હતું.

### તેલંગણામાં ACBના દરોડામાં પર્દાફાશ

# 200 કરોડનો DSP

## પોલીસ કોમ્પ્યુટર સર્વિસીસના DSPI રેડ્ડીના નિવાસ સ્થાને દરોડો : 4 ફ્લેટ, વિલા, 3 પ્લોટ અને 2 કિલ્લો સોનું મળી આવ્યું

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**




તેલંગાણા ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરોએ હૈદરાબાદમાં પોલીસ કોમ્પ્યુટર સર્વિસીસના DSPI સંકિરેડ્ડી ભીમ રેડ્ડીના નિવાસસ્થાન સહિત અનેક સ્થળોએ દરોડા પાડીને ૨૦૦ કરોડથી વધુની સંપત્તિ શોધી કાઢી છે. તેમના પર તેમના જાણીતા આવકના સ્ત્રોતો કરતાં વધુ સંપત્તિ એકઠી કરવાનો આરોપ છે. અધિકારીએ તેમની સેવા દરમિયાન ભ્રષ્ટાચાર અને અન્ય ગેરકાયદેસર માધ્યમો દ્વારા કથિત રીતે મોટી સંપત્તિ એકઠી કરી હતી. ACB ટીમોએ ગુરુવારે ૧૬ સ્થળોએ એક સાથે દરોડા પાડ્યા હતા. જેમાં DSPI ના નિવાસસ્થાન તેમજ તેમના સંબંધીઓ, મિત્રો, કથિત બેનામીદારો અને સહયોગીઓ સાથે જોડાયેલી મિલકતોનો સમાવેશ થાય છે.

તપાસ દરમિયાન, ACBને તેલંગાણા અને કર્ણાટકમાં ફેલાયેલી તેમની વ્યાપક સંપત્તિનો પોર્ટફોલિયો મળી આવ્યો. અધિકારીઓએ મિલકત સંબંધિત મહત્વપૂર્ણ દસ્તાવેજો જપ્ત કર્યા, જેમાં ઈબ્રાહિમબાગના વેસેલા મીડોવ્ઝ ખાતે એક લક્ઝરી વિલા (પેન્ટહાઉસ સાથે G+૨ ઘર), ટેલિકોમ નગર, ગચીબોવલી અને તેલ્લાપુરમાં ચાર રહેણાંક ફ્લેટ, નાગોલે અને પટણચેરુમાં ત્રણ ખાલી પ્લોટ; મણિકોંડામાં G+૨ કોમર્શિયલ કોમ્પ્લેક્સમાં શેર, ૩,૦૦૦ ચોરસ ફૂટ કોમર્શિયલ જગ્યા અને કર્ણાટક, સંગારેડ્ડી, વિકારાબાદ અને મુચિંતલામાં ૫૦ એકરથી વધુ ખેતીલાયક જમીન સંબંધિત દસ્તાવેજોનો સમાવેશ થાય છે. એક ખાણકામ કંપનીમાં ૭૫ લાખનું રોકાણ પણ પ્રકાશમાં આવ્યું.

દરોડાઓ દરમિયાન, અધિકારીઓએ DSPIના નિવાસસ્થાનમાંથી ૩.૬ લાખ રોકડ અને એક કથિત બેનામીદારના ઘરેથી ૪૦ લાખ રોકડા જપ્ત કર્યા. વધુમાં, ૨ કિલો સોનાના દાગીના અને ૨૦ કિલો ચાંદીના સામાન જપ્ત કરવામાં આવ્યા. બેંક ડિપોઝિટનો અંદાજે ૧૯.૯૧ લાખનો પણ ખુલાસો થયો. ૨૦૦ કરોડથી વધુની સંપત્તિ હોવાનો અંદાજ.

### સરકારે કહ્યું : ઈરાન યુધ્ધમાં ખરીદેલું મોંઘુ ક્રૂડ ઓઈલ જ પ્રેસેસ થઈ રહ્યું છે

# પેટ્રોલ-ડિઝલના ભાવ હમણાં નહીં ઘટે

## દેશની તેલ કંપનીઓને 74,781 કરોડ રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**



કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ ગુરુવારે જણાવ્યું હતું કે, દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ ઘટશે કે નહીં તે અંગેનો નિર્ણય આગામી બે-ત્રણ મહિનામાં જ લઈ શકાય છે. હાલમાં કંઈપણ કહેવું શક્ય નથી.

તેમણે કહ્યું કે, ઈરાન યુદ્ધના સમયે જ્યારે વિશ્વમાં ક્રૂડ ઓઈલના ભાવ આસમાને પહોંચી રહ્યા હતા, ત્યારે ભારતીય ઓઈલ કંપનીઓએ મોંઘા ભાવે ક્રૂડ ઓઈલ ખરીદ્યું હતું. રિફાઈનરીઓ હજુ પણ તે જ મોંઘા સ્ટોક પર પ્રક્રિયા કરી રહી છે.

ખર્ચ કરતાં ઓછા ભાવે તેલ-ગેસ વેચવાને કારણે દેશની સરકારી તેલ કંપનીઓને ૩૦ જૂન સુધીમાં ૭૪,૭૮૧ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. તેમણે કહ્યું કે, અમેરિકા-ઈરાન કરાર પછી ક્રૂડ ઓઈલના ભાવ ઘટવા લાગ્યા છે. જો આ જ પેટર્ન ૨-૩ મહિના સુધી ચાલુ રહેશે તો આગામી કેટલાક મહિનામાં ઓઈલના ભાવમાં રાહત મળવાની આશા છે.

મે મહિનામાં IOC, BPCL અને HPCLએ મોંઘા આંતરરાષ્ટ્રીય ક્રૂડના ભાવનો હવાલો આપીને હપ્તામાં પેટ્રોલ અને ડીઝલ બંનેના ભાવમાં ૭.૫૦-૭.૫૦ પ્રતિ લિટરનો વધારો કર્યો હતો. દેશના ૧ લાખથી વધુ પેટ્રોલ પંપોમાંથી ૯૦%થી વધુ પર આ ત્રણેય સરકારી કંપનીઓનું નિયંત્રણ છે.

હજુ સરકારી કંપનીઓએ ભાવ ઘટાડ્યા નથી હજુ સરકારી તેલ કંપની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC), ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL) અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL) એ કિંમતોમાં કોઈ ફેરફાર કર્યો નથી.

દેશની સૌથી મોટી પ્રાઈવેટ ફ્યુલ રિટેલર કંપની નાયરા એનર્જીએ પેટ્રોલના ભાવમાં ૫ રૂપિયા પ્રતિ લિટર અને ડીઝલમાં ૩ રૂપિયા પ્રતિ લિટરનો ઘટાડો કર્યો છે. હવે ભોપાલમાં નાયરાના પેટ્રોલની કિંમત ૧૧૯.૭૯ રૂપિયાથી ઘટીને ૧૧૪.૭૯ રૂપિયા અને ડીઝલ ૧૦૨.૫૭ રૂપિયાથી ઘટીને ૯૯.૫૭ રૂપિયા પર આવી ગયું છે.



# વિક્રમ સંવત 2083ના પ્રારંભે સિંહસ્થ ગુરુ માંગલિક કાર્યોમાં બાધારૂપ બનશે : શાસ્ત્રી ભાવેશભાઈ રાવલ

ધનાર્ક – મિનાર્ક અને ગુરુ સિહંસ્થ વર્ષ હોય ત્યારે લગ્ન કે શુભ કાર્યો વર્જ્ય હોય છે તે સમયે શુભ કાર્યો થતા નથી ? તે શું કામ થતાં નથી ? તેના વિશે નીચે મુજબ છે.

સૂર્ય ગુરુની રાશી ધનમાં પ્રવેશે છે. ત્યારે ધનાર્ક કહેવાય છે અને મીન રાશીમાં પ્રવેશે ત્યારે તેને મિનાર્ક કહેવાય છે. સૂર્ય એક રાશીમાં એક મહિનો રહે છે. એટલે કે બાર રાશીમાં દર વર્ષે ૧૨ વખત સૂર્યનું ભ્રમણ થાય છે અને દર વર્ષે ડિસેમ્બર જાન્યુઆરી મહિનામાં ધન રાશિમાં રહે છે તથા માર્ચ એપ્રિલમાં મીન રાશિમાં રહે છે તે દરમિયાન લગ્ન કે શુભ કાર્યો દર વર્ષે થઈ શકતા નથી.

એવી જ રીતે ગુરુ જ્યારે સૂર્યની રાશિ માં પ્રવેશ કરે ત્યારે ગુરુ સિંહસ્થ વર્ષ કહેવાય ત્યારે શુભ કાર્યો જેવા કે લગ્ન, કાનવીંધવા, ચોલકર્મ જનોઇ દેવયાત્રા, ઘર બાંધવું, વ્રત, વાસ્તુ, દેવ પ્રતિષ્ઠા, જેવા કાર્યો થઈ શકતા નથી.

ગુરુ એક રાશિમાં ૧૩ મહિના રહે છે તે બારે રાશિમાં ફરતા ફરતા જ્યારે સિંહ રાશિમાં આવે ત્યારે ૧૩ મહિનાના સિંહ રાશિમાં રહેતા શુભ કાર્યો વર્જ્ય માનવા પરંતુ ધાર્મિક કાર્યો થઈ શકે છે એટલે સિંહસ્થ વર્ષ દરમિયાન લગ્ન વિગેરે થઈ શકતા નથી અને સિંહસ્થ વર્ષ દરમિયાન નાસિકમાં કુંભ મેળો થાય છે અને ત્યારે સિંહસ્થ ગુરુ કુંભમેળાના સ્નાન નું મહત્વ હોય છે.

એટલે કે સૂર્ય ગુરુ ની રાશિ ધન કે મીનમાં અને ગુરુ સૂર્યની રાશિ સિંહમાં હોય ત્યારે લગ્ન કે શુભ કાર્ય થતા નથી.

આ વર્ષે વિક્રમ સવંત ૨૦૮૩ અને ૨૦૮૪ માં ગુરુ વક્રી માર્ગી ત્રણ વખત થાય છે એટલે ત્રણ વખત સિંહ રાશિમાં પ્રવેશ કરે છે અને વક્રી થઈ ત્રણ વખત કર્ક રાશિમાં પ્રવેશ કરે છે માટે કર્ક રાશિમાં વક્રી થઈને આવે ત્યારે શુભ કાર્યો થઈ શકે છે તેથી સિંહ રાશિમાં ગુરુ રહેતો નથી વક્રી માર્ગી થતો રહે છે માટે કર્ક રાશિમાં આવે ત્યારે શુભ કાર્યો થાય છે

મઘા નક્ષત્ર ના ચાર ચરણ અને પૂર્વ ફાલ્ગુની નક્ષત્રનું પહેલું ચરણ આમ પાંચ ચરણ આમ સિંહ રાશી ના પાંચ ચરણ શુભ કાર્યોમાં વર્જ્ય છે માટે થઈ શકે નહીં.

આ વર્ષે તારીખ ૩૧/૧૦/૨૦૨૬ ના રાત્રે ૧૨–૨૩ મિનિટ થી તારીખ ૨૫/૦૧/૨૦૨૭ ને રાત્રે ૧–૩૩ મીનીટ સુધી ગુરુ સિંહ રાશિમાં છે ત્યારબાદ વક્રી થઈને કર્ક રાશિમાં આવે છે.

ત્યારબાદ તારીખ ૨૬/૦૬/૨૦૨૭ ના રોજ સવારે ૫–૧૮કલાક મિનિટ થી તારીખ ૨૭/૧૧/૨૦૨૭ ૬–૪૬ કલાક મિનિટ સુધી ગુરુ સિંહ રાશિમાં રહે છે પછી ગુરુ કન્યા રાશિમાં પ્રવેશ કરીને વક્રી થઈને પાછો સિંહ રાશિમાં તારીખ ૨૮/૦૨/૨૦૨૮ સાંજે ૭–૧૮ કલાક મિનિટ થી તારીખ ૨૪/૦૭/૨૦૨૮ બપોરે ૩–૧૮ કલાક મિનિટ સુધી સિંહ રાશિમાં રહે છે.

આમ તારીખ ૩૧/૧૦/૨૦૨૬ થી તારીખ ૨૪/૦૭/૨૦૨૮ સુધી ત્રણ વખત વક્રી માર્ગી થવાથી તે દરમિયાન ગુરુ સિંહસ્થ વર્ષ દરમિયાન શુભ કાર્યમાં વર્જિત હોવાથી શાસ્ત્રના નિયમ મુજબ શુભ કાર્યના મુહૂર્તો આવતા નથી કે થઈ શકતા નથી.

અને ખાસ કરીને વિશેષમાં તારીખ ૩૧/૧૦/૨૦૨૬ થી તારીખ ૨૫/૦૧/૨૦૨૭ સુધી ગુરુ મઘા નક્ષત્રના પ્રથમ ચરણમાં રહે છે માટે કારતક માર્ગશીષ અને પોષ વદ બીજ સુધી આખા ભારતમાં લગ્ન મુહૂર્ત કે અન્ય શુભ કાર્યો વર્જ્ય છે માટે શુભ કાર્યો થઈ શકે નહીં અને પહેલા કહ્યું તે મુજબ મઘા નક્ષત્રના ચાર ચરણ અને પૂર્વા ફાલ્ગુની નક્ષત્ર નું એક ચરણ ગયા પછી સિહંસ્થ ગુરુમાં શુભ કાર્યો ગંગાજીની ઉત્તરે અને ગોદાવરીની દક્ષિણે થઈ શકે છે એટલે ગંગા અને ગોદાવરી ની વચ્ચે થઈ શકતા નથી ગંગા ઉત્તરાંચલ થી નીકળી બાંગ્લાદેશમાં બંગાળની ખાડીમાં મળે છે ગોદાવરી નદી નાસિકથી નીકળી આંધ્રપ્રદેશ થી બંગાળની ખાડીમાં મળે છે આમ ગંગા ગોદાવરી નો મધ્ય ભાગ ગુજરાત રાજસ્થાન મધ્યપ્રદેશ છત્તીસગઢ ઝારખંડ પશ્ચિમ બંગાળ ઓરિસ્સા ઉત્તર પ્રદેશ અને બિહારમાં ગંગા ના દક્ષિણ તરફનો ભાગ મહારાષ્ટ્ર અને આંધ્ર પ્રદેશમાં ગોદાવરીની ઉત્તર તરફનો ભાગ આટલા પ્રદેશમાં સિંહસ્થ ગુરૂ દરમ્યાન શુભ કાર્યો થઈ શકતા નથી છતાં સિંહસ્થ ગુરુ દરમ્યાન પંજાબ હરિયાણા હિમાચલ પ્રદેશ જમ્મુ કાશ્મીર મહારાષ્ટ્ર અને આંધ્ર પ્રદેશનો દક્ષિણ ભાગ મુંબઈ પુના કોલ્હાપુર હૈદરાબાદ કર્ણાટક તમિલનાડુ કેરળ માં સિંહસ્થ ગુરુમાં શુભ કાર્યો થઈ શકે છે પરંતુ આ નક્ષત્ર ના પાંચ ચરણ બાદ થઈ શકે છે

અને સૂર્ય મેષ રાશિમાં ઉચ્ચ સ્થાનનો હોય છે ત્યારે સિંહસ્થ વર્ષ દરમ્યાન ગુરુ સિંહ રાશિમાં હોય છે ત્યારે મેષના સમસ્ત ભારતમાં માંગલિક કાર્યો થઈ શકે છે અને તેમાં સિંહ રાશીના પહેલા પાંચ ચરણ વખતે પણ જો સૂર્ય મેષ રાશિમાં હોય તો આખો મહિનો શુભ તથા માંગલિક કાર્ય થઈ શકે છે.

### વોર્ડ-15ના કોર્પોરેટરની મનપા કમિશનરને વિસ્તૃત રજૂઆત

# રાજકોટમાં માંધાતા મહારાજ અને વેલનાથ બાપુની પ્રતિમા મૂકવાની માંગ ઉગ્ર બની

## આજીડેમ ચોકડીનું નામ 'જય માંધાતા ચોક' રાખી પ્રતિમા સ્થાપવા, ચુનારાવાડ ચોકમાં સંત શ્રી વેલનાથ બાપુની પ્રતિમા મૂકવા જનરલ બોર્ડમાં ઠરાવ કરવાની માંગ વધુ તેજ

**સિટી ન્યૂઝ@રાજકોટ**



રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નં. ૧૫ના કોર્પોરેટરે મ્યુનિસિપલ કમિશનરને વિગતવાર અને દૃઢ રજૂઆત કરી આજીડેમ ચોકડીના બ્રિજ પાસે આવેલા સર્કલમાં જય માંધાતા મહારાજની પ્રતિમા તેમજ ચુનારાવાડ ચોકમાં સંત શ્રી વેલનાથ બાપુની પ્રતિમા સ્થાપિત કરવાની માંગ વધુ જોરશોરથી અને સ્પષ્ટ રીતે ઉઠાવી છે.

રજૂઆતમાં જણાવાયું છે કે વિધાનસભા-૬૮ વિસ્તારમાં કોળી સમાજની મોટી, પ્રભાવશાળી અને સક્રિય વસ્તી વસવાટ કરે છે અને સમાજના આગેવાનો લાંબા સમયથી આ બંને મહાનુભાવોની પ્રતિમા સ્થાપવાની માંગ સતત અને દૃઢતાપૂર્વક કરી રહ્યા છે. આજીડેમ ચોકડી રાજકોટમાં ભાવનગર તરફથી પ્રવેશનો મુખ્ય અને અત્યંત વ્યસ્ત માર્ગ હોવાથી ત્યાંના સર્કલનું નામ 'જય માંધાતા ચોક' રાખી પ્રતિમા સ્થાપિત કરવામાં આવે તો સમાજની લાગણીને યોગ્ય માન અને સન્માન મળશે તેવી રજૂઆત કરવામાં આવી છે.

રજૂઆતમાં વધુમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે રાજકોટ શહેરના અનેક ચોક અને સર્કલમાં મહાનુભાવો, શહીદો અને દેવ-દેવીઓની પ્રતિમાઓ સ્થાપિત કરવામાં આવી છે, ત્યારે કોળી સમાજના આરાધ્ય જય માંધાતા મહારાજ અને સંત શ્રી વેલનાથ બાપુને પણ શહેરમાં યોગ્ય, પ્રતિષ્ઠિત અને દૃશ્યમાન સ્થાન મળવું જોઈએ તેવી માંગ ઉઠાવવામાં આવી છે.મકરસંક્રાંતિના દિવસે જય માંધાતા મહારાજની તથા અષાઢી બીજના દિવસે સંત શ્રી વેલનાથ બાપુની ભવ્ય અને વિશાળ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં સમાજજનો જોડાતા હોવાનું જણાવતાં આગામી મનપાની જનરલ બોર્ડ બેઠકમાં ઠરાવ પસાર કરી બંને સ્થળે પ્રતિમા સ્થાપનને મંજૂરી આપવામાં આવે તેવી માંગ વધુ મજબૂત અને તીવ્ર રીતે કરવામાં આવી છે.




# લોઠડામાં પાર્ક કરેલી બોલેરો ચાલતા બાળક પર ટાયર ફરી વળતા મોત

**સિટી ન્યૂઝ@રાજકોટ**

લોથડા ગામે આવેલી વરુણ કાસ્ટીંગ ફેક્ટરીની બાજુમાં રહેતા અનિલભાઈ મખોડીયાનો ૧૦ વર્ષનો પુત્ર આર્યન ઘર નજીક આંગણામાં રમી રહ્યો હતો. આ દરમિયાન નજીકમાં જ એક ઢાળ પર પાર્ક કરેલી બોલેરો ગાડી અચાનક રિવર્સમાં નીચે ઉતરી આવી હતી ઢાળ પરથી સરકેલી બોલેરોનું આગળનું વ્હીલ સીધું માસૂમ આર્યન પર ફરી વળ્યું હતું. અકસ્માતમાં ગંભીર ઈજાઓ થવાના કારણે માસૂમ બાળકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું ઘટનાને પગલે પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. બનાવની જાણ થતાં જ આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે ખસેડી વિશેષ તપાસ યથાવત રાખી છે.



### કોંગ્રેસના ડો. હેમાંગ વસાવડાએ RMC કમિશનરને લખ્યો પત્ર

# રાજકોટ મહાપાલિકામાં ગોટાળો 2018થી બિલ પેન્ડિંગ છતાં કામ ચાલુ !

## » પેન્ડિંગ બિલોને શાસકીય મંજૂરી નથી મળી તો પણ ૮ વર્ષથી વેન્ડરો કેવી રીતે કામ કરે છે ? જવાબ નહીં મળે તો જનરલ બોર્ડમાં પ્રશ્નો પૂછાશે



**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેર કોંગ્રેસે રાજકોટ મહાનગરપાલિકાના કમિશનરને ખુલ્લો પત્ર લખી જંગલેશ્વર ડિમોલિશન સહિત વિવિધ ખર્ચ અને નાણાકીય વ્યવહારો અંગે જાહેર સ્પષ્ટતા કરવાની માંગ ઉઠાવી છે. પ્રદેશ કોંગ્રેસના ઉપપ્રમુખ ડો. હેમાંગ વસાવડા અને શહેર કોંગ્રેસ પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજાના હસ્તાક્ષરવાળા પત્રમાં મનપા સામે અનેક ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા છે.

કોંગ્રેસે પત્રમાં જંગલેશ્વર ડિમોલિશન દરમિયાન થયેલા કુલ ખર્ચની વિગતો જાહેર કરવા માંગ કરી છે. ફોટોગ્રાફીના રૂ.૨૨ લાખ, પાણીની બોટલ સહિતના છૂટક બિલો અંગે મીડિયામાં આવેલી વિગતોનો ઉલ્લેખ કરીને સમગ્ર ડિમોલિશન પાછળ કુલ કેટલો ખર્ચ થયો તેની માહિતી જાહેર કરવાની માંગ કરવામાં આવી છે.

પત્રમાં કોરોના કાળ દરમિયાન જંગલેશ્વરમાં કરવામાં આવેલી પતરાની આડશ પાછળ થયેલા ખર્ચનો પણ હિસાબ માંગવામાં આવ્યો છે. ઉપરાંત વર્ષ ૨૦૧૮થી મનપાના અનેક બિલો પેન્ડિંગ હોવાની ચર્ચા વચ્ચે આ બિલોને શાસકીય મંજૂરી મળી છે કે નહીં તે અંગે પણ ખુલાસો કરવા જણાવ્યું છે. કોંગ્રેસે વધુમાં આક્ષેપ કર્યો છે કે અધિકારીઓ દ્વારા 'એબસ્ટેક' પદ્ધતિથી રકમ ઉપાડી બાદમાં 'સેટ ઓફ' કરવામાં આવે છે, જેનાથી ભ્રષ્ટાચારની શક્યતાઓ ઊભી થાય છે. આ પદ્ધતિ તાત્કાલિક બંધ કરી તેની સંપૂર્ણ વિગતો જાહેર કરવાની માંગ કરવામાં આવી છે.

ધારાસભા વિસ્તારોમાં યોજાતા સરકારી કાર્યક્રમો, જાહેરાતો અને મુખ્યમંત્રીની મુલાકાત પાછળ થતા ખર્ચની માહિતી પણ જાહેર કરવામાં આવે તેવી માંગ કોંગ્રેસે કરી છે.

કોંગ્રેસે પત્રના અંતે ચેતવણી આપી છે કે જો આ પ્રશ્નોના જવાબ જાહેર નહીં કરવામાં આવે તો કરદાતાઓ મનપા તંત્રને પણ સમગ્ર મામલામાં જવાબદાર ગણશે. સાથે જ આગામી સામાન્ય સભામાં કોંગ્રેસના ચૂંટાયેલા પ્રતિનિધિઓ આ મુદ્દાઓ ઉઠાવશે અને ટૂંક સમયમાં વધુ વિગતો સાથે બીજો ખુલ્લો પત્ર પણ જાહેર કરવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી છે.

### ગોંડલની શ્રી રામ સાર્વજનિક હોસ્પિટલમાં આધુનિક સર્જરી

# નાભિમાં એક જ કાપથી એપેન્ડિક્સનું સફળ ઓપરેશન

## શ્રી રામ સાર્વજનિક હોસ્પિટલમાં SILA ટેકનિકથી સર્જરી; દર્દીને ઓછો દુખાવો, ઝડપી રિકવરી અને સ્કારલેસ સારવારનો લાભ

**સિટી ન્યૂઝ@ગોંડલ**

ગોંડલની શ્રી રામ સાર્વજનિક હોસ્પિટલમાં આધુનિક સર્જરી ક્ષેત્રે વધુ એક મહત્વપૂર્ણ અને પ્રશંસનીય સિદ્ધિ નોંધાઈ છે. હોસ્પિટલના અનુભવી સર્જન ડૉ. દિવ્યકાંત બારોટ દ્વારા સિંગલ ઈન્સિઝન લેપ્રોસ્કોપિક એપેન્ડિક્ટોમી (SILA) ટેકનિકનો ઉપયોગ કરીને એપેન્ડિક્સનું સફળ અને સુરક્ષિત ઓપરેશન કરવામાં આવ્યું છે. આ અદ્યતન અને મિનિમલી ઇન્વેસિવ પદ્ધતિમાં દર્દીની નાભિમાં માત્ર એક જ નાનો કાપ મૂકી સમગ્ર સર્જરી પૂર્ણ કરવામાં આવે છે, જે આધુનિક તબીબી વિજ્ઞાનની પ્રગતિનું ઉત્તમ ઉદાહરણ છે. સામાન્ય લેપ્રોસ્કોપિક સર્જરીમાં પેટ પર ત્રણથી ચાર નાના કાપા મૂકવામાં આવે છે, જ્યારે SILA



જેવી નવીન પદ્ધતિમાં વધારાના કાપાની જરૂર રહેતી નથી. આ કારણે તેને 'સ્કારલેસ સર્જરી' તરીકે ઓળખવામાં આવે છે, કારણ કે સર્જરી બાદ શરીર પર લગભગ કોઈ દેખાતું નિશાન રહેતું નથી.

આ આધુનિક ટેકનિકના અનેક લાભો છે. દર્દીને સર્જરી બાદ ઓછો દુખાવો અનુભવાય છે, શરીર પર ઓછા ઘા રહેતા હોવાથી ઉત્તમ કોસ્મેટિક પરિણામ મળે છે, હોસ્પિટલમાં ઓછો સમય રોકાવું પડે છે અને દર્દી ઝડપથી સ્વસ્થ થઈ પોતાના દૈનિક જીવનમાં વહેલી તકે પરત ફરી શકે છે. આ પદ્ધતિ દર્દીઓ માટે વધુ આરામદાયક અને અસરકારક સાબિત થઈ રહી છે.

શ્રી રામ સાર્વજનિક હોસ્પિટલ દ્વારા દર્દીઓને વિશ્વસ્તરીય, સુરક્ષિત અને અદ્યતન સારવાર ઉપલબ્ધ કરાવવા સતત નવી ટેકનોલોજી અને આધુનિક સર્જરી પદ્ધતિઓ અપનાવવામાં આવી રહી છે. હોસ્પિટલના તબીબો અને સ્ટાફ દર્દીઓના આરોગ્ય અને સુખાકારી માટે પ્રતિબદ્ધ રહી ગુણવત્તાસભર સારવાર અને શ્રેષ્ઠ આરોગ્ય સેવાઓ પૂરી પાડવા સતત પ્રયત્નશીલ છે.

# રાજકોટમાં નકલી બાગબાન તંબાકુ વેંચતો શખસ ઝડપાયોઃ 3.50 લાખનો માલ કબજે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શહેરમાં કાલાવાડ રોડ પર જાનકી પાર્કમાં જાણીતી કંપનીના નામે નકલી તંબાકુ વેચવાનુ કારસ્તાન ચાલતુ હોવાની ફરીયાદના આધારે પીસીબીની ટીમે દરોડો પાડી રૂ.૩.૫૦ લાખની કિંમતની નકલી તંબાકુ સાથે શખસને ઝડપી લઈ તેની સામે કોપીરાઈટ સહીતનો ગુનો નોંધી તેની ધરપકડ કરી વિશેષ પુછતાછ કરી છે.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ એમ.ફોર.યુ. ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ સર્વિસીસ કંપનીમાં પ્રોપ્રાઈટર તરીકે ફરજ બજાવતા અને અમદાવાદ રહેતા હિરેનભાઈ મુકેશભાઈ પટેલે ફરીયાદ કરી હતી જેમા જણાવ્યું હતું કે, તેમની કંપની 'ઉર્મીન પ્રોડક્ટ્સ પ્રા. લી.' ની જાણીતી પ્રોડક્ટ 'બાગબાન ૧૩૮ બ્રાન્ડ' ના ટ્રેડમાર્ક અને કોપીરાઈટના અધિકારો ધરાવે છે. આ બ્રાન્ડની નકલી અને હલકી ગુણવત્તાવાળી તમાકુનું ગેરકાયદે વેચાણ થતુ હોવાનુ જણાવતા પીએસઆઈ આર. કે. જાડેજા સહીતની ટીમે સ્થળે દરોડો પાડી માધાપર ચોકડી પાસે રહેતા મિહિરભાઈ ભરતભાઈ બુદ્ધદેવની પુછતાછ કરી તપાસ કરતા 'બાગબાન ૧૩૮ બ્રાન્ડ' ના ૫૦ ગ્રામના લોગોવાળા કુલ ૧,૦૦૦ ડબ્બા મળી આવ્યા હતા. આરોપી પાસે આ માલના ખરીદ-વેચાણ અંગેના કોઈ બિલ કે આધાર-પુરાવા નહોતા. અસલી કંપનીના પ્રતિનિધિએ તપાસ કરતા આ ડબ્બાનું પેકિંગ અને તળિયાની બનાવટ અસલી ડબ્બા કરતાં તદ્દન અલગ અને નકલી હોવાનું બહાર આવતા પોલીસે ૩.૫૦ લાખની કિંમતનો આ નકલી તમાકુનો જથ્થો જપ્ત કરી માલવીયા નગર પોલીસે કોપી રાઈટ સહીતનો ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી વધુ પુછતાછ કરી છે.

### જૂન મહિનામાં આરપીએફ રાજકોટ ડિવિઝનની નોંધપાત્ર કામગીરી

# RPFએ 27 મુસાફરોનો 4.60 લાખનો સામાન પરત આપ્યો

» "સેવા હી સંકલ્પ" અભિયાન હેઠળ ટિકિટ કાળાબજાર, ચેન પુલિંગ અને જનજાગૃતિ સહિત અનેક કામગીરીમાં સફળતા

સિટી ન્યૂઝ@રાજકોટ

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનના રેલવે સુરક્ષા બળ (RPF)એ જૂન-૨૦૨૬ દરમિયાન "સેવા હી સંકલ્પ" અભિયાન હેઠળ મુસાફરોની સુરક્ષા, સેવા અને રેલવે સંપત્તિના રક્ષણ માટે નોંધપાત્ર કામગીરી કરી છે. આઈજી-સહ-પ્રધાન મુખ્ય સુરક્ષા કમિશનર અજય સદાનીના કુશળ માર્ગદર્શન અને ડિવિઝન સુરક્ષા કમિશનર કમલેશ્વર સિંહની સક્રિય દેખરેખ હેઠળ હાથ ધરાયેલી વિવિધ કાર્યવાહીમાં અનેક મહત્વપૂર્ણ સફળતાઓ પ્રાપ્ત થઈ છે, જેના કારણે મુસાફરોમાં સુરક્ષાની ભાવના વધુ મજબૂત બની છે.

સીનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીનાના જણાવ્યા મુજબ, "ઓપરેશન અમાનત" અંતર્ગત આરપીએફએ વિવિધ સ્ટેશનો અને ટ્રેનોમાંથી મુસાફરોનો રૂ. ૪.૬૦ લાખની કિંમતનો ગુમ થયેલો સામાન સુરક્ષિત રીતે રિકવર કરી ૨૭ મુસાફરોને પરત કર્યો




હતો, જે આરપીએફની સંવેદનશીલતા અને જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ છે.

"ઓપરેશન નન્હે ફરિશ્તે" હેઠળ બે બાળકોને સુરક્ષિત રીતે બચાવી તેમના પરિવાર સાથે મિલાવવામાં આવ્યા હતા, જેના કારણે સંબંધિત પરિવારોને મોટી રાહત મળી હતી. જ્યારે "ઓપરેશન ઉપલબ્ધ" અંતર્ગત રેલવે ટિકિટોના ગેરકાયદેસર વેચાણમાં સંડોવાયેલા એક વ્યક્તિ સામે કાર્યવાહી કરીને કાળાબજાર પર અંકુશ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

રેલવે સંચાલનને અસર કરતી પ્રવૃત્તિઓ સામે ચલાવવામાં આવેલા "ઓપરેશન સમય પાલન" દરમિયાન અનધિકૃત ચેન પુલિંગના ૩૧ કેસ નોંધાયા હતા અને ૨૫ વ્યક્તિઓ સામે રેલવે અધિનિયમ હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી, જેનાથી ટ્રેન સંચાલનમાં શિસ્ત જાળવવામાં મદદ મળી છે.

આ ઉપરાંત "ઓપરેશન જનજાગરણ" હેઠળ બેનરો, પબ્લિક એડ્રેસ સિસ્ટમ અને વિવિધ જાગૃતિ કાર્યક્રમો દ્વારા રેલવે લાઇન ક્રોસ ન કરવા, ટ્રેનો પર પથ્થરમારો અટકાવવા, મહિલા સુરક્ષા, માનવ તસ્કરી અને નશાખોરી જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ અંગે લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા, જેથી જનભાગીદારી વધે અને સુરક્ષા વધુ મજબૂત બને.

ડિવિઝનલ રેલ પ્રબંધક ગિરિરાજ કુમાર મીનાએ જણાવ્યું હતું કે, આરપીએફ સુરક્ષા, સેવા અને સંવેદનશીલતાના અભિગમ સાથે કાર્ય કરીને મુસાફરોનો વિશ્વાસ વધુ મજબૂત બનાવી રહી છે અને સુરક્ષિત, સુવ્યવસ્થિત અને અવિરત રેલ મુસાફરી સુનિશ્ચિત કરવી એ વિભાગની સર્વોચ્ચ પ્રાથમિકતા છે.



## રાષ્ટ્રીય ધ્વજના શિલ્પી પિંગલી વેંકૈયાજીને ભાવભીની શ્રદ્ધાંજલિ

સિટી ન્યૂઝ@રાજકોટ

ભારતના ગૌરવ અને રાષ્ટ્રીય એકતાના પ્રતીક તિરંગાના સર્જક મહાન સ્વાતંત્ર્ય સેનાની પિંગલી વેંકૈયાજીની ૪ જુલાઈની પુણ્યતિથિએ ભારતીય જનતા પાર્ટી રાજકોટના પ્રેસ મીડિયા અગ્રણી અરૂણ નિર્મળની ભાવભીની શ્રદ્ધાંજલિ. પિંગલી વેંકૈયાજીનો જન્મ ૨ ઓગસ્ટ, ૧૮૭૬ના રોજ આંધ્ર પ્રદેશના કૃષ્ણા જિલ્લામાં થયો હતો. તેમણે કોલંબોમાં ઉચ્ચ અભ્યાસ કર્યો અને કૃષિ વિજ્ઞાન, ભૂસ્તરશાસ્ત્ર તથા ભાષાઓમાં વિશેષ રસ ધરાવતા હતા. અનેક ભાષાઓના જાણકાર હોવાથી તેઓ "જાપાન વેંકૈયા" તરીકે જાણીતા બન્યા.તેઓ માત્ર સ્વાતંત્ર્ય સેનાની જ નહીં, પરંતુ દ્રષ્ટા અને પ્રખર રાષ્ટ્રભક્ત હતા. ૧૯૨૧માં તેમણે મહાત્મા ગાંધી સમક્ષ રાષ્ટ્રીય ધ્વજની રૂપરેખા રજૂ કરી, જેને સુધારી ૨૨ જુલાઈ, ૧૯૪૭ના રોજ ત્રિરંગા તરીકે સ્વીકારવામાં આવ્યો. ભારત સરકારે ૨૦૦૯માં તેમના સન્માનમાં ટપાલ ટિકિટ બહાર પાડી હતી. જીવનના અંતિમ સમયમાં મુશ્કેલીઓ હોવા છતાં તેમનું યોગદાન અવિસ્મરણીય રહ્યું. ૪ જુલાઈ, ૧૯૬૩ના રોજ તેમણે વિજયવાડામાં અંતિમ શ્વાસ લીધા.

### ચમત્કાર વિના નમસ્કાર નહીં તે કહેવત વિપક્ષે સાબિત કરી

# કોંગ્રેસના વિરોધની ગંધ આવતા જ બંધ રહેલા રસ્તાના બેરીકેટ્સ દૂર કરાયા

સિટી ન્યૂઝ@રાજકોટ

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસમાં બે મહિનાથી તૈયાર હોવા છતાં બંધ રાખવામાં આવેલા સીસી રોડને કોંગ્રેસના વિદ્યાર્થી કાર્યકરોના વિરોધની જાહેરાત બાદ ઉતાવળમાં ખુલ્લો મુકવામાં આવ્યો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. કોંગ્રેસના વિદ્યાર્થી આગેવાન રોહિતસિંહ રાજપૂત સહિતના કાર્યકરોએ પ્રતીકાત્મક વિરોધની જાહેરાત કરતાં જ વિરોધ શરૂ થાય તેના એક કલાક પહેલાં યુનિવર્સિટી તંત્રે રસ્તા પરથી બેરીકેટ્સ હટાવી વાહનવ્યવહાર શરૂ કરી દીધો હતો.

કોંગ્રેસના વિદ્યાર્થી આગેવાન રોહિતસિંહ રાજપૂતે આક્ષેપ કર્યો હતો કે છેલ્લા બે મહિનાથી રોડ સંપૂર્ણ તૈયાર હોવા છતાં તંત્ર દ્વારા તેને લોકો માટે ખુલ્લો મૂકવામાં આવ્યો નહોતો. જોકે કોંગ્રેસના વિરોધની જાહેરાત થતાં જ તંત્ર હરકતમાં આવ્યું અને તાત્કાલિક બેરીકેટ્સ દૂર કરી દીધા.

તેમણે જણાવ્યું હતું કે, વર્ષોથી બિસ્માર રસ્તાના કારણે વિદ્યાર્થીઓ, શિક્ષકો, કર્મચારીઓ અને મુલાકાતીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો. વરસાદી મોસમમાં અકસ્માતનો ભય પણ સતત રહેતો હતો. નવો સીસી રોડ બન્યા બાદ પણ તેને લાંબા સમય સુધી બંધ રાખવો યોગ્ય નહોતો.

કોંગ્રેસના કાર્યકરોએ જણાવ્યું હતું કે રસ્તો બંધ હોવાથી હજારો વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓને એક જ માર્ગનો ઉપયોગ કરવો પડતો હતો, જેના કારણે ટ્રાફિકનું ભારણ વધતું હતું. ઉપરાંત મુંજકા તરફથી ૧૫૦ ફૂટ રિંગ રોડ-૨ તરફ જતા વાહનચાલકોને આશરે ૨૫૦ ફૂટ સુધી રોંગ સાઇડમાં વાહન ચલાવવાની ફરજ પડતી હોવાથી અકસ્માતનું જોખમ પણ વધતું હતું.વિદ્યાર્થી આગેવાનોએ જણાવ્યું હતું કે રસ્તો ખુલ્લો થતાં વિદ્યાર્થીઓ, સ્થાનિક નાગરિકો અને વાહનચાલકોને મોટી રાહત મળી છે. સાથે જ ભવિષ્યમાં જાહેર નાણાંથી તૈયાર થતી કોઈપણ સુવિધા સમયસર લોકો માટે ખુલ્લી મૂકવામાં આવે તેવી માંગ પણ કરી હતી.



### પોસ્ટલ કર્મચારીઓની વિવિધ માંગણીઓ

# પોસ્ટલ કર્મચારીઓની 5 ઓગસ્ટે રાષ્ટ્રવ્યાપી હડતાળ

### ટાર્ગેટના દબાણ, ખાનગીકરણ અને ખાલી જગ્યાઓના વિરોધમાં આંદોલન માંગણીઓ નહીં સંતોષાય તો ૧૮ ઓગસ્ટથી અનિશ્ચિતકાલીન હડતાળ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ભારતીય ડાક કર્મચારી મહાસંઘના આહ્વાન પર ભારતીય પોસ્ટલ એમ્પ્લોઈઝ ફેડરેશન (BPEF) ગુજરાત સર્કલે પોસ્ટ વિભાગમાં કર્મચારી વિરોધી નીતિઓ, ટાર્ગેટ આધારિત કામગીરી, ખાનગીકરણ અને લાંબા સમયથી પડતર પ્રશ્નોના નિરાકરણની માંગ સાથે રાષ્ટ્રવ્યાપી આંદોલનની જાહેરાત કરી છે. આ આંદોલન દ્વારા કર્મચારીઓ પોતાના હકો અને સેવા શરતોના રક્ષણ માટે એકજૂટ થઈ અવાજ ઉઠાવી રહ્યા છે. મહાસંઘના જણાવ્યા મુજબ, હાલમાં પોસ્ટલ કર્મચારીઓ પર વિવિધ યોજનાઓના ટાર્ગેટ પૂર્ણ કરવા માટે ભારે દબાણ કરવામાં આવી રહ્યું છે. કેટલાક સ્થળોએ કર્મચારીઓને પોતાના ખર્ચે ખાતા ખોલાવી ટાર્ગેટ પૂર્ણ કરવા મજબૂર થવું પડે છે, જે કર્મચારીઓના સ્વાભિમાન અને સેવા શરતો વિરુદ્ધ હોવાનું મહાસંઘે જણાવ્યું છે. આ પરિસ્થિતિ કર્મચારીઓમાં અસંતોષ અને માનસિક તણાવ વધારતી હોવાનું પણ જણાવાયું છે. જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ ૨૦થી ૨૭ જુલાઈ દરમિયાન કર્મચારીઓ કાળા બેજ ધારણ કરી ફરજ બજાવશે. ૨૮ જુલાઈએ બપોરના વિરામ દરમિયાન તમામ વિભાગીય કચેરીઓ સામે વિરોધ પ્રદર્શન યોજાશે. ૫ ઓગસ્ટે એક દિવસીય રાષ્ટ્રવ્યાપી હડતાળ પાડવામાં આવશે. ત્યારબાદ પણ માંગણીઓનો ઉકેલ નહીં આવે તો ૧૮ ઓગસ્ટથી અનિશ્ચિતકાલીન હડતાળ શરૂ કરવાની ચેતવણી આપવામાં આવી છે, જેનાથી પોસ્ટલ સેવાઓ પર વ્યાપક અસર પડી શકે છે.

મહાસંઘની મુખ્ય માંગણીઓમાં ટાર્ગેટ આધારિત દબાણ બંધ કરવું, RMS અને મેલ હેન્ડલિંગની જૂની વ્યવસ્થા પુનસ્થાપિત કરવી, ખાનગીકરણ તરફ દોરી જતી નીતિઓ પાછી ખેંચવી, પોસ્ટ વિભાગ સહિત વિવિધ શાખાઓની ખાલી જગ્યાઓ તાત્કાલિક ભરવી, ભ્રષ્ટાચાર સામે કડક કાર્યવાહી, મૃતક આશ્રિતોને નોકરી આપવી, NDC સિસ્ટમ રદ કરવી તેમજ ગુજરાત સર્કલની લાંબા સમયથી પડતર માંગણીઓનું વહેલી તકે નિરાકરણ લાવવાનો સમાવેશ થાય છે. ભારતીય પોસ્ટલ એમ્પ્લોઈઝ ફેડરેશન, ગુજરાત સર્કલે તમામ પોસ્ટલ અને ગ્રામિણ ડાક કર્મચારીઓને આંદોલનમાં સક્રિયપણે જોડાઈ તેને સફળ બનાવવા અપીલ કરી છે અને કર્મચારીઓના હિત માટે એકતા જાળવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.



## પૂર્વ કોર્પોરેટર હરીભાઈ ડાંગરના મહેમાન બનતા કથાકાર ડો.મહાદેવ પ્રસાદ મહેતા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

**» પ્રેરણાદાયી પ્રવચનથી ઉપસ્થિતોને અધ્યાત્મનો સંદેશ**

વિખ્યાત કથાકાર અને શ્રીમદ્ ભાગવત પારાયણના વક્તા પૂજ્ય ડો. મહાદેવ પ્રસાદ મહેતાએ રાજકોટમાં પૂર્વ કોર્પોરેટર હરિભાઈ ડાંગર અને પૂર્વ કોર્પોરેટર જયાબેન હરિભાઈ ડાંગરના જનસંપર્ક કાર્યાલયે પધારી સૌને પોતાના પાવન સાનિધ્યનો લાભ આપ્યો હતો. આ પ્રસંગે ડાંગર પરિવારે ડો. મહાદેવ પ્રસાદ મહેતાનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું. તેમણે પોતાના પ્રેરણાદાયી અને અધ્યાત્મિક પ્રવચન દ્વારા ઉપસ્થિતોને સદાચાર, સંસ્કાર અને સત્સંગના મહત્વનો સંદેશ આપ્યો હતો. કાર્યક્રમમાં પૂર્વ કોર્પોરેટર જયાબેન હરિભાઈ ડાંગર, પૂર્વ કોર્પોરેટર હરિભાઈ ડાંગર, મેઘાભાઈ ડાંગર, હિતેશભાઈ ડાંગર, શૈલેષભાઈ ડાંગર, મનીષભાઈ મહેતા, સરોજબેન મહેતા, આકાશભાઈ દાવડા, મુન્નાભાઈ લાવડિયા, મહેતાભાઈ, ગીતાબેન ડાંગર, દેવિકાબેન ડાંગર, સોસાયટીના પ્રમુખ, આગેવાનો અને સ્થાનિક રહેવાસીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## માર્કેટ અપડેટ્સ




| IPO DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| KNACK PACKAGING | 01/7 | 03/7 | 161 - 170 | 88 | 14,960 |
| KUSUMGAR | 08/7 | 10/7 | 398 - 419 | 35 | 14,665 |

| SME DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| IC ELECTRICALS CO. | 03/7 | 07/7 | 94 - 99 | 2400 | 2,37,600 |
| DEVSON CATALYST | 09/7 | 13/7 | 112 - 118 | 2400 | 2,83,200 |

### આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- મારુતિ સુઝુકી ઈન્ડિયા લિ.ની હરિયાણાના આઈએમટી ખારખોડા ખાતેની સૌથી અદ્યતન વાહન ઉત્પાદન સુવિધાનું ઉદ્ઘાટન માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને જાપાનના પ્રધાનમંત્રી સુશ્રી સનાઈ તકાઈચી દ્વારા નવી દિલ્હી ખાતે ભારત-જાપાન સંયુક્ત આર્થિક મંચ દરમિયાન વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કરવામાં આવ્યું હતું.
- અદાણી એન્ટરપ્રાઈઝીસ લિ. અને આઈએચસી ગ્રુપ કંપની આઈઆરએચ ૧૧.૫ બિલિયન ડોલરના એલ્યુમિનિયમ પ્રોજેક્ટ માટે ૫૦:૫૦ સંયુક્ત સાહસ બનાવશે.
- એનબીસીસી (ઈન્ડિયા) લિ.એ જણાવ્યું છે કે કંપનીને જૂન, ૨૦૨૬ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા દરમિયન રૂ.૯૫૫.૧૩ કરોડના કોન્ટ્રાક્ટ મળ્યા છે.
- મેંગ્લોર રિફાઈનરી એન્ડ પેટ્રોકેમિકલ્સ લિ.ની બોર્ડ મીટિંગ ૧૫ જુલાઈ, ૨૦૨૬ ના રોજ મળશે જેમાં ૩૦ જૂન, ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટેના અન-ઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરાશે.
- ટીવીએસ મોટર કંપની લિ.એ જણાવ્યું છે કે કંપનીએ જૂન, ૨૦૨૬માં કુલ ૫,૯૦,૦૦૩ વાહનોનું વેચાણ કર્યું છે, જ્યારે જૂન, ૨૦૨૫માં ૪,૦૨,૦૦૧ વાહનોનું વેચાણ કર્યું હતું, જે ૪૭ ટકાની વૃદ્ધિ દર્શાવે છે.
- બજાજ ઓટો લિ.એ જણાવ્યું છે કે કંપનીએ જૂન, ૨૦૨૬માં કુલ ૪,૬૩,૨૦૨ વાહનોનું વેચાણ કર્યું છે, જ્યારે જૂન, ૨૦૨૫માં ૩,૬૦,૮૦૬ વાહનોનું વેચાણ કર્યું હતું, જે ૨૮ ટકાની વૃદ્ધિ દર્શાવે છે.
- ટેક્સમેકો રેલ એન્ડ એન્જિનિયરિંગ લિ.એ જણાવ્યું છે કે કંપનીને જેએસડબ્લ્યુ (સાઉથ) રેલ લોજિસ્ટિક્સ પ્રા. લિ. પાસેથી રૂ.૨૫૩.૨૮ કરોડનો અને સુશીલા ટ્રાન્સપોર્ટ પ્રા. લિ. પાસેથી રૂ.૯૭.૮૮ કરોડના બે ઓર્ડર મળ્યા છે.

**DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઈ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.**